
# અર્હદ્ધ્યાત્મ

વર્ષ : ૭
અંક : ૩
ડીસેમ્બર : ૧૯૮૫



## પ્રણામ

કુદરતને ખોળે જન્મીને કુદરતમય જીવન ગાળ્યું,
માનવતાનાં મૂલ્યો માટે વિતાવ્યું જીવન સારું;
પવિત્ર જીવન જીવનારાં હે માતતાતને નમન કરું,
અપો આશીર્વાદ અહર્નિશ એ જ ભાવના હૃદય ધરું.

શૈશવમાં રામાયણરસની લ્હાણ ધરી સપ્રેમ મને,
પ્રાર્થના તણો પ્રેમ જગાવ્યો આરંભમહીં પૂર્ણપણે;
શ્લોકો તેમજ મંત્રો શીખવ્યા પ્રાતઃસ્મરણ તણા ત્યારે,
નમન કરું એ માતપિતાને આશીર્વાદ સમાં મારે.

વિદ્યાભ્યાસ કરાવ્યો ભાવે સંસ્કારો સીંચ્યા ન્યારા,
આઘાતો સહેવા બળ આપ્યું આદર્શો જગવ્યા સારા;
ધીરજ ને હિંમત પ્રગટાવી અભય તણો ગાયો મહિમા,
વંદન એવા માતપિતાને આશીર્વાદ સમાં મારે.

સ્વાશ્રયનો સંદેશ સુણાવી અવાજ આતમનો આવ્યો,
ત્યારે સહયોગ મને આપ્યો વિરોધ કેમે ના ફાવ્યો;
આતમના માર્ગે ધપવાને આપ્યા આશીર્વાદ વળી.
પ્રણામ એવા માતાપિતાને આજ કરું હું પ્રેમ ધરી.

—સર્વેશ્વરી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૩ છૂટક નકલ ૧–૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, ખારડીગેટ ભાવનગર-૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| આધ્યાત્મિકતાની આવશ્યકતા શું કામ? | યોગેશ્વરજી | ૩ |
| પિતાજીનું પુણ્ય સ્મરણ | સર્વેશ્વરી | ૫ |
| પિતાજીનો પ્રેરકપત્ર | સર્વેશ્વરી | ૯ |
| જન્મદિનની ઉજવણી | નારાયણ હ. જાની | ૧૨ |
| બીજ | ભૂપતરાય ઠાકર | ૧૭ |
| શ્રદ્ધાની કસોટી | બિપિન દવે | ૨૦ |
| પ્રભુ! તુહું વિના | હસુભાઈ દવે | ૨૫ |
| યાત્રા પૂ. માના કલ્યાણકારી સાન્નિધ્યની | ગોરધનભાઈ કલોલા | ૨૬ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૩૩ |
| બાલપૂજા | મમતા ભાટિઆ | ૩૮ |
| સુખદ અને દુઃખદ પરિસ્થિતિ | ઈશ્વરભાઇ શાહ | ૪૨ |
| ઓળખો આપણા મનને (૨) | મંગળભાઈ પંચાલ | ૪૭ |
| ગાગરમાં સાગર | શ્રી બાબુભાઇ વોરા | ૫૫ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૭ ડીસેમ્બર-૧૯૮૫ અંક : ૩

## આધ્યાત્મિકતાની આવશ્યકતા શું કામ?

વિજ્ઞાનની આગેકૂચની સાથે સાથે મનુષ્યના મનની પણ આગેકૂચ થવી જોઈએ. વિજ્ઞાને માનવને અનંત શક્તિ, સંપત્તિ, સાધન કે સુખોપભોગનો સ્વામી બનાવ્યો છે. અન્વેષણની અનેકાનેક શક્યતાઓ એની આગળ છતી કરી છે; અને એ રીતે એના જીવનમાં શકવર્તી ભાગ ભજવવા માંડ્યો છે. દેશ ને કાળને ટૂંકા કરી એમના પર શાસન કરી બતાવવાની કરામતો એણે પૂરી પાડી છે. ઐશ્વર્યની અભિવૃદ્ધિ કરવા માંડી છે. આ બધું હોવા છતાં જીવનમાં સુખ શાંતિ સલામતી ને નિર્ભયતા કેમ નથી? પારસ્પારિક ધિક્કારને કડવાશ હજી પણ કેમ ચાલુ રહ્યાં છે? ભેદભાવ તેમ જ ચડસાચડસી ને રાગદ્વેષની દીવાલો હજી પણ કેમ તૂટી નથી પડી? અત્યાચાર, અનાચાર, હિંસા, જોહુકમી ને તૃષ્ણા કેમ ચાલુ છે? દાનવતાને દફનાવી દેવાને બદલે ખુદ માનવતાનો જ મૃત્યુઘંટ કેમ વાગી રહ્યો છે? વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના પુસ્તકના પઠનપાઠનની જ ભાવના કેમ રહી ગઇ છે, ને તેનો આચારમા અનુવાદ કેમ નથી થતો? ભોગોની આટલી બધી અદમ્ય લાલસા, તેની પૂર્તિ માટેની થોકબંધ સામગ્રી, એનો પ્રચૂર માત્રામાં ઉપયોગ છતાં ઉત્તરોત્તર અતૃપ્તિ

અને અશાંતિ કેમ વધતી જ જાય છે? માનવજાતને મદદરૂપ થાય તેવાં સંશોધનોમાં રસ લેવાને બદલે, સંસ્કૃતિનો સર્વનાશ કરનારી જીવલેણ શોધોમાં રસ શા માટે લેવામાં આવે છે?

એનો ઉત્તર માનસિક છે. માનવનું મન જ્યાં સુધી ઉદાત્ત નથી બન્યું, નિર્મળ નથી થયું, અથવા તો તેની વૃત્તિ કે ભાવનાનું ઊર્ધ્વીકરણ નથી થયું, ત્યાં સુધી પરિસ્થિતિ કાયમ જ રહેવાની. એનો અંત નહિ જ આવવાનો. માનવ જ્યાં સુધી માનવસહજ સદ્‌ગુણોથી સંપન્ન થઈને સાચા અર્થમાં માનવ નહિ બને, ત્યાં સુધી શક્તિ કે સામગ્રીનો સદુપયોગ કરીને શાંતિ નહિ જ મેળવી શકવાનો.

એટલા માટે જ, આધ્યાત્મિકતાની, ધર્મનાં મૂળતત્ત્વોને જીવનમાં ઉતારવાની આજે અનિવાર્ય આવશ્યકતા છે. જો ધર્મ અથવા આધ્યાત્મિકતાનું આચરણ સમ્યક્ રીતે કરવામાં આવે તો વ્યક્તિનું તથા તેની દ્વારા સમષ્ટિનું પરિત્રાણ જરૂર થઈ શકે. આ વાતને યાદ રાખીશું તો લાભ થશે. જગતને સમૃદ્ધ કરવા માટે જેમ વિજ્ઞાનની જરૂર છે તેમ તેને શાંતિમય, સુખમય ને જીવવા જેવું કરવા માટે ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની આવશ્યકતા છે. બન્નેનો સમન્વય કરવો પડશે, તો જ સર્વનાશના ભયમાંથી બચી શકાશે. આધુનિક યુગે એ મહાન સંદેશ પૂરો પડ્યો છે. તેને સમજવાથી પોતાનું ને બીજાનું શ્રેય કરી શકાશે એ ચોક્કસ છે.

—યોગેશ્વરજી



# પિતાજીનું પુણ્ય સ્મરણ

—સર્વેશ્વરી

અમારા આજના આધ્યાત્મિક જીવન પાછળ બે વિશેષ વંદનીય વ્યક્તિનું ઘડતર મળ્યું છે. જન્મ આપનાર માતા-પિતાએ ધાર્મિક સંસ્કારોનું બીજારોપણ કરેલું અને એ બીજમાંથી નવજીવનની આધ્યાત્મિક સૃષ્ટિનું સર્જન પૂ.શ્રી યોગેશ્વરજી જેવાં સર્વોત્તમ સર્જકે કર્યું.

એ બંને વ્યક્તિ આજે સ્થૂળ દેહે અમારી વચ્ચે નથી. હમણાં જ તા. ૨૩–૧૦–'૮૫ ને વિજ્યા દશમીના પવિત્ર પર્વે નાનકડી માંદગી ભોગવી ૮૬ વર્ષની તંદુરસ્ત વયે અમેરિકાની યાત્રા દરમ્યાન અમારા પિતાજીએ ચિર વિદાય લીધી.

પિતાજીના પુણ્ય પ્રયાણ પાછળ એમનાં પ્રેરક સ્મરણો વાગોળવાની ભાવના સહજ થાય.

જે ઘરમાં અમે આંખ ઉઘાડી તે ઘર દરરોજ પ્રભાતે નિયમિત રીતે બે ત્રણ કલાક સુધી સંસ્કૃત મંત્રોચ્ચાર, નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં અને સુરદાસનાં પદોથી ગુંજી ઉઠતું. અમારા પિતાજીનું મધુર કંઠનું એ ગુંજન ઋષિમુનિઓનું સ્મરણ કરાવે એવું હતું.

એમના એ નિત્યક્રમ પછી સૂર્યોદય થતા પહેલાં અમને જગાડતા ત્યારે પણ નીચેની પંક્તિઓ અમને જગાડવા માટે ગાતા:-

"કોણ અમોને રાતે મીઠી નીંદમહીં પોઢાડે,
તું વિણ દેવા કોણ અમોને મધુરે સાદ જગાડે,

કોટિ કોટિ ઉપકારો તારા કઇ વાણીમાં ગાઉં,
આંખો મીંચી તને પિતા હું લાખો વંદન કરું. ”

પિતાજી પીઠ ઉપર બેસાડીને લઈ જાય તો જ ઉઠવું એવી અમારી જીદ પણ તેઓ પૂરી કરતા અને અમે પિતાજીના ખભે ચઢીને વાડામાં જતાં, ગરમ પાણી કરવાના ચૂલા પાસે પિતાજીના ખોળામાં જ બેસતાં ત્યારે શાંતાકારમ્, પ્રાતઃ સ્મરણ, કર ચરણકૃતમ્ વા એ બધા જ શ્લોકો ગવડાવીને મુખપાઠ કરાવતા. વળી તે દરમ્યાન દાતણ ધોઈને જ મોઢામાં કેવી રીતે ઘસવું ત્યાંથી માંડીને કુદરતી હાજત પછી હાથ પગ રાખથી કે માટીથી કેવી રીતે કેટલી વાર ધોવા એ બધી જ સ્વચ્છતાની તાલિમ સવારના પ્રહરમાં એઓ આપતા.

પછી સ્નાન કરી દેવસ્થાને પ્રણામ કરી, ઘરના સૌ વડીલોને પ્રણામ કરીને જ ફળિયામાં રમવા જવાની રજા મળતી. જીવન ઘડતરના એ પવિત્ર પ્રસંગો અમારી છ સાત વર્ષની ઉમરે અનુભવેલા, જે આજે ખૂબ ઉપયોગી ઠર્યા છે.

નવ વરસની નાનકડી ઉંમરે કપુરાથી ૮ કિ.મી. દૂર વ્યારાની શાળામાં શિક્ષણ લેવા ત્યાંજ રહેવાનું બન્યું, ત્યારે દર શનિ રવિ કપુરા આવવાનું. પિતાજી ઘોડાગાડીમાં લેવા અને મૂકવા આવે ત્યારે આઠ કિ.મી. ના એ માર્ગે નીચેની પ્રેરક કાવ્ય પંક્તિઓ મોઢે કરાવતા અને સમજાવતા.

“છે માનવી જીવનની ઘટમાળ એવી
દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી”

“સુખ સમયમાં છકી નવ જવું
દુઃખમાં ન હિંમત હારવી;
સુખ દુઃખ સદા ટકતા નથી
એ નીતિ ઉર ઉતારવી”



વળી દરરોજ રાતે સમૂહ પ્રાર્થના નિયમિત રીતે સૌ સભ્યો સાથે બેસીને કરતાં, જેમાં ગીતા પાઠ, આરતી, મીરાં તુલસી કે સૂરદાસનું એક પદ, ધૂન અને છેવટે ‘સીયાવર રામચંદ્રની જે’ સાથે પ્રાર્થના પૂર્ણ થતી; ત્યારે પણ સૌને નમસ્કાર કરી ફરીથી પિતાજીની પાસે બેસી જવાનું અને રામાયણ વાંચનમાં તુલસીદાસની ચોપાઈઓ ગાતાં શીખવાની અને સમજવાની. એ પ્રવૃત્તિ પિતાજી એક સંસ્કારી શિક્ષકની જેમ કરતા.

ચોમાસાનાં દિવસોમાં ભાગવત કે રામાયણ વાંચીને સમજાવવાનું નિયમિત રાખતા. જીવનના અંત સુધી એમણે વર્ષો સુધી દર ચૈત્ર માસમાં તુલસીકૃત રામાયણનું નવ દિવસનું પૂર્ણ પારાયણ કરવાનો નિયમ પાળ્યો. શરીર સાથ ન આપે તો ટેકો દઈને પણ એ સત્કર્મ એમણે ચાલુ રાખ્યું.

કેળવણી ક્ષેત્રે એમનો રસ અદ્‌ભુત હતો. પંદર સોળ વરસની ઉંમરે બનારસ જઈ સંસ્કૃતનો ઊંડો અભ્યાસ એમણે કરેલો. વળી બંગાળમાં પણ તેઓ રહેલા, જેથી એ ભાષાનો પણ એમને પરિચય અને પ્રેમ હતો. એ જ રીતે હિન્દી–ગુજરાતી અને સુરત જીલ્લાની આદિવાસી ભાષા ઉપર પણ એમનું પ્રભુત્વ હતું. અમારા કોલેજ કાળ દરમ્યાન લખાયેલા પત્રો રજામાં ઘરે આવીએ ત્યારે બતાવતા. એમાં જોડણી અનુસ્વાર કે વિરામ ચિહ્નોની ભૂલો સુધરાવતા. ઉચ્ચાર શુદ્ધિ માટે પણ તેમનો ખૂબ આગ્રહ રહેતો. સ્ત્રી કેળવણી જરૂરી છે, એ વાતનો સ્વીકાર એમના સુધારાવાદી માનસે ક્યારનો કરી લીધેલો. પરિણામે બધા સંતાનોને એમણે કેળવણી આપી.

એમનો અતિથિ પ્રેમ ન્યાત જાતના ભેદભાવ વિનાનો અદ્‌ભુત હતો. મુસ્લીમ, હરિજન કે બ્રાહ્મણ સૌ કોઈ એ ઘરમાં

એક સરખો આદર પામતા અને સૌ ભોજન કરીને જ જાય એવો એમનો આગ્રહ રહેતો. પરિણામે સર્વોદય વાળાની પાંચસો માણસોની પદયાત્રા હોય કે સ્વરાજની લડત વખતે ગામની સભા હોય કે પંચાયત શાળા કે જંગલ મંડળીમાં આવેલો કોઈ પણ અધિકારી વર્ગ હોય તે સૌને આ જ ઘરમાં ભોજન લેવાનો રિવાજ અમારા પિતાજીએ પાળેલો. ખેડૂત સહકારી જીન, ગ્રામ પંચાયત, ગાંધી આશ્રમ વેડછી, જંગલ મંડળી જેવી અનેક વિધ સંસ્થાઓમાં સેવા ક્ષેત્રે તેઓ જોડાએલા. પરિણામે વર્ષોથી અમારું એ ઘર જાણે કે અન્નક્ષેત્ર બનીને સેવા આપતું.

પૂ. શ્રી યોગેશ્વરજીની ૧૯૭૮ની કપુરાની પ્રથમ મુલાકાત સમયે પણ પૂ. શ્રી સાથે કેટલાય ભાઈબેનોને પિતાજી ભોજન લેવા બેસાડતા. એમના એ અતિથિ પ્રેમ વિષે 'સર્વેશ્વરી' એક પરિચય પુસ્તકમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ પ્રકાશ પાડ્યો છે.

હરિ ૐ આશ્રમમાં જવાનું બને ત્યારે પણ એમના આશીર્વાદ અમને અવશ્ય મળતા. અમારી એ પ્રવૃત્તિથી એમને સંતોષ હતો. શાળામાંથી છૂટા થઈ પૂ. શ્રીની છત્ર છાયામાં બેઠાં ત્યારે અમને તેમણે એક પ્રેરક પત્ર લખેલો જેમાંથી થોડો ભાગ અધ્યાત્મમાં મૂકયો છે.

આવા સંસ્કાર પ્રેમી પિતાજીને અમારા વારંવાર વંદન

"સ્વીકારી લેજો આજ પ્રણામ પિતા તમે પ્રેમ ધરી,
ધરજો આશિષ અમ પર આજ જ્યાં હો ત્યાંથી તમે."



# પિતાજીનો પ્રેરકપત્ર

—સર્વેશ્વરી

[ મા સર્વેશ્વરી રાજીનામુ આપી પૂ. શ્રી પાસે આવ્યાં ત્યારે એમના પિતાજીએ લખેલો પત્ર જેનો કેટલોક ભાગ વાંચકોને પણ પ્રેરણા આપે એવો છે. તેથી એ મૂકયો છે. ]

ચિ. સ......

તારો લાંબો પત્ર મળ્યો. એ તો મેં જાણેલું કે પૂ. શ્રી યોગેશ્વરજીની તબિયત હાર્ટએટેકથી અસ્વસ્થ છે. અને તેમની સેવામાં તું રજા લઈને રહેવા માંગે છે.

નોકરી તો સરકારી તેમજ સંસ્થાકીય નિયમોને આધીન રહીને જ કરવાની હોય છે. નોકરીમાં જોડાઈએ એટલે ગમે એટલું પવિત્ર કામ હોય તો ય નિયમો પ્રમાણે ચાલીએ તો જ થાય એ નિયમોને આધીન ન રહેવાતું હોય તો છૂટા થવું જ યોગ્ય ગણાય.

મેં ઘણીવાર ચર્ચા દરમ્યાન કહ્યું હતું કે સનાતન ધર્મમાં નારી શરીરધારી સાધકને માટે કોઈ સાધના સ્થળો કે આશ્રમો નથી. જૈન ધર્મમાં છે એ ધર્મ માર્ગમાં આપણને શ્રદ્ધા નથી. એમાં ઘણા ભયસ્થાનો પણ છે અને આપણને એ અનુકૂળ નથી. સનાતન ધર્મ માર્ગમાં આપણને શ્રદ્ધા છે પણ એવું કોઈ નારીઓને યોગ્ય સ્થળ નથી, જ્યાં રહીને સાધના કરી શકાય. વિનોબાજીના બ્રહ્મવિદ્યા મંદિર કે ગાંધી વિચાર-ધારામાં રહી જ્ઞાન સાધના કે લોક-સેવા કરનારી બહેનો ત્યાં મર્યાદિત આશરો મેળવતી હશે. સનાતન ધર્મના અનેક પંથોએ પોતપોતાની સાધના અને ધર્મ પ્રમાણેનાં ત્યાગી પુરુષો માટે આશ્રમો કર્યા છે, પણ સ્ત્રીઓ માટે કર્યા જાણ્યા નથી. તો સ્ત્રીઓએ અનુકૂળતા કરી લઈ કુટુંબ આશ્રમની સંનિધિમાં જ તપ ત્યાગવાળુ સાધનામય જીવન વિતાવવું જોઈએ એવી મારી માન્યતા છે.

સાધના માટેનો તપ, ત્યાગ, સંયમનો માર્ગ ભિખારી જીવનથી તો ન ચલાવાય. તેથી આપણે ત્યાં આ ઘરમાં બધી અનુકૂળતા અને સગવડ હોવા છતાં, સ્વાવલંબી જીવન જીવતાં જીવતાં આધ્યાત્મિક પ્રગતિ કરવા માટે શિક્ષિકાનું કામ પસંદ કરાયેલું. હવે એ તને અનુકૂળ નથી તેથી છૂટા થવા સલાહ આપેલી.

શુદ્ધ સાધક જીવન જીવવા માટે નામ બદલવાની પણ શી જરૂર ? જીવનનાં અંત સુધી આપણે ખૂબ જ સંયમી પવિત્ર સહનશીલ નિસ્પૃહ રહી શકીએ એ માટે આપણે તપોમય જીવન વ્યતીત કરવાનું છે. એમાં આપણે જાહેરાત શી ? ભગવાનની પાસે યાચના છે કે આપણને એ માર્ગે સ્થિર ચાલવા શક્તિ આપે એ સતત પ્રાર્થના અને ભાવના છે.

મારા મત પ્રમાણે એ માર્ગ ઘણો કઠિન છે. વિરલા એને સંપૂર્ણ પાર કરે એ માટે જ તો તપ સંયમની ક્રિયા છે. રાજસ્થાનનાં મીરાંબાઈને ભક્તિ માર્ગે પ્રતિકૂળતા વચ્ચે રહેવાનું હતું. તારે તેવી પ્રતિકૂળતાઓ નથી.

તારે ભાઈબેન બીજા સગા સ્નેહીઓની સંનિધિમાં એ માર્ગે ચાલતા રહેવું જોઈએ. વળી ધર્મગ્રંથોનો વ્યવસ્થિત અભ્યાસ પણ એક સાધનાનો માર્ગ છે, એમ ગણીને સ્વાધ્યાય પણ ચાલુ રાખવો જોઈએ. એવી મારી લાગણી છે.

સંસારી-ગૃહસ્થી ધર્મ ન સ્વીકારતા ત્યાગી જીવન-સાધ્વી જીવન જ સ્વીકાર્યું હોય તો તેની માનસિક વ્યથા ભોગવવી નહિ. મજબૂત મનથી આગળ ચાલવું. આવતાં વાદળાં વિખેરાઈ જશે. સહન કરવું. તિતિક્ષા રાખવી. નાની નાની વાતોથી આઘાત ન પામવું અને અમારી આસપાસ જ રહી લોકસેવા કરતા રહી પાર ઉતરી જવા હિંમત રાખવી. આજના જમાનાને અનુરૂપ તે માટે મદદરૂપ થવા આપણા બધા જ સગાવ્હાલાઓ તત્પર જ હશે. અને છે. વિશેષતો રૂબરૂ.

લિ. બાપુજીનાં આશિષ.



પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના

# જન્મદિનની ઉજવણી

નારાયણ હ. જાની

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન આ વર્ષે એમની જન્મભૂમિ એવા કપુરા ગામમાં ઉજવાયો. શ્રી ઈશ્વરભાઇ ભકતના ઘરમાં ચાલતા ધ્યાનકેન્દ્રના ભાઇ બહેનોએ એની સર્વ વ્યવસ્થાનો ભાર ઉપાડી લીધો. એમણે સહુને આમંત્રણ પાઠવ્યું ને રહેવા જમવાની વ્યવસ્થા પણ ગોઠવી.

આ વર્ષે પૂ. માનો જન્મદિન તા. ૧૩–૧૧ ના રોજ આવતો હતો. તે દિવસે વિક્રમ સંવતનું નવું વર્ષ. હિંદુઓના દિવાળીના તહેવારોનો એ પર્વ દિન. એટલે કપૂરા આવવા માટે સુરત કે વડોદરાના સાધકો સિવાય દિવાળીના તહેવારના દિવસેજ બીજા સાધકોએ પોતાના ઘરેથી નીકળવું પડે. એટલે સાધકો માટે પણ આવવું કસોટીરૂપ હતું. આમ છતાં દોઢસો ઉપરાંત સાધક ભાઇબહેનો બહારગામથી આવ્યા ને પૂ. માના જન્મદિનની ઉજવણીમાં ભાગ લીધો.

કપુરા નાનું ગામ છે, પરંતુ ખૂબ ભાવિક. ગામમાં મોટા ભાગના પરિવારો ભક્ત કુટુમ્બના ને ખેતી કરનારા છે. જેમણે સુરત જિલ્લાનાં આવાં ગામો જોયાં હોય, તેમનેજ આ ઘરો કેટલાં મોટાં ને સુવિધાવાળાં હોય છે, તેનો ખ્યાલ આવી શકે.

બહારગામથી આવતા મોટા ભાગના સાધક ભાઇબહેનો-નો ઉતારો શ્રી ઈશ્વરભાઇ ભકતના ઘરમાં જ હતો. ઉજવણી-નો કાર્યક્રમ એમના માળ પરના મેડામાં હતો. પૂ.મા આ મેડામાં કેવી વ્યવસ્થા ગોઠવવી એ જોવા બે દિવસ પહેલાં આવ્યાં. મેડો ઘણા વખતથી બંધ હતો. એટલે પૂ. માએ જણાવ્યું "આમાં ડી. ડી. ટી.ની વાસ આવે છે." તો



ઇશ્વરભાઇનાં પત્ની–મણિબેને એક રાતમાં જ શ્રી હરિની સહાયથી મેડામાં ડીસ્ટેમ્બર કરાવી નાંખ્યો. મેડાની પણ સરસ સફાઇ થઇ ગઇ. પૂ. માના પગલે. ઈશ્વરભાઇના ઘરની જાણે કાયા પલટ થઈ. ખૂબ ઉત્સાહથી ને પ્રેમપૂર્વક મણિબેને બધી વ્યવસ્થા ગોઠવી. મેડાની સજાવટમાં પોતાની કીંમતી સાડીઓ આપતાં એ જરાય ન ખચકાયાં. કેટલીય સુંદર સાડીઓ તેમણે સુશોભન કરનાર ભાઈઓ સમક્ષ ધરી દીધી! એમના મનનો ઉત્સાહ ખૂબ હતો. પૂ.મા પોતાના ઘરમાં ભકતો સાથે પધારવાનાં હતાં–એનો આનંદ એમના વ્યવહાર-માં વ્યકત થતો હતો. ભાવ વગરની ક્રિયા શુષ્ક બને છે. પરંતુ ભાવયુક્ત વ્યવહાર કેવી ભક્તિ બની જાય છે, એનું દર્શન થતું હતું.

આવો જ ઉત્સાહ બીજા ભકત પરિવારોમાં પણ હતો. સહુ આ પરંપરાગત લોક તહેવારની સામાજીક ઉજવણીને બદલે એક સત્સંગના કાર્યમાં ભાગ લેવા ઉત્સુક જણાતાં. બહેનો સુંદર વસ્ત્રો પહેરી વહેલી સવારથી પૂ. માને વંદન કરવા, આશીર્વાદ લેવા હાજર થઇ ગઇ હતી.

સામાન્ય રીતે જન્મદિનની ઉજવણી-સારૂં ખાવાનું, મિત્રોને મળવાનું, આનંદ પ્રમોદ ખાતર ફરવા જવાનું કે સીનેમા જોવાનું, બહુ બહુ તો એકાદવાર દેવદર્શન કરી આવવાનું, એમાં જ પરિસમાપ્તિ પામતી હોય છે.

પરંતુ પૂ. માનો જન્મદિન એટલે એમાં વ્રત, સંયમ, સંકીર્તન, પ્રાર્થના, ધ્યાન–જપ જેવા સાત્ત્વિક કાર્યક્રમો પોતા માટે અને સાધક ભાઈ બહેનો માટે. જાણે આખો દિવસ પ્રભુના પ્રાકટ્યનો કોઇ માંગલિક મહોત્સવ હોય એવો.

પૂ. માને આજે ૬૦૫મો ઉપવાસ છે. એમાંય છેલ્લા ૧૦૫ દિવસથી તો કેવળ પાણી પર–નાળિયેરનું કે લીંબુનું.

ઘણીવાર મન ઉપરામ થઈ જાય તો તે પણ ના લે. છતાં શક્તિ એવી જ. પ્રફુલ્લતા, પ્રસન્નતા ને વ્યહવારમાં વિનોદ. ક્યાંય મોટા તપનો આડંબર નહિ કે ભાર નહિ. ખૂબ સહજ, સરળ પ્રેમમય વ્યહવાર.

ઉજવણી કાર્યક્રમનો મંગલ પ્રારંભ, સવારે ૬–૩૦ વાગે પ્રાર્થના અને ધ્યાનથી થયો. પૂ. માના પિતાજીના ઘરમાં આ બેઠક થઈ. પૂ. માએ પોતાના સ્વર્ગસ્થ પિતાને પ્રિય એવાં ભજનોથી ભાવાંજલિ ધરી ને પોતાના પરિવારના વડીલ ભાઇ, ભાભી, બહેનો ને બનેવીઓ તથા અન્ય વડીલોને ખૂબ પ્રેમપૂર્વક પ્રણામ કરી–આશીર્વાદ માગ્યા. તો આજ પરિવારના વડીલોએ પૂ. માને પુષ્પમાળાઓ પહેરાવી–એમના શ્રીચરણોમાં પ્રણામ કર્યા-ત્યારે એક અદ્ભુત ભાવભક્તિમય દૃશ્ય ખડું થયું. જોનારને થતું કે કેવો અદ્ભુત પરિવાર! પોતાના વડીલપણાનું અહં ત્યાગી આ લોકો કેવા ભાવથી પ્રણમે છે! સહુ સાધકોએ પણ પૂ માને નવા વર્ષના મંગલદિને પ્રણામ કરી ઇચ્છયું–કે અમારૂં નવું વર્ષ તો આજે આપે સુધાર્યું.– આજે આપની પાસે બોલાવી અમારી સાંસારિક આસક્તિ આપે તોડાવી, પૂ. ગુરુદેવની પરમ શકિત આપની સકળ સાધનાય આ વર્ષમાં સફળ કરે– એ સિવાય અમારે બીજું શું જોઇએ!”

આઠ વાગે શ્રી ઈશ્વરભાઈ ભકતના મેડા ઉપર સાધક ભાઇ બહેનો ગોઠવાયાં. પૂ. ગુરૂદેવની જીવંત પ્રતિકૃતિ સાથે પૂ.મા પધાર્યાં. યોગેશ્વર બાવની ને સ્તુતિ સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો. તે પછી શ્રી પ્રો. ટી. જી. ભટ્ટ સાહેબે ધ્યાન કરાવ્યું. સંકીર્તનના પ્રારંભમાં કપુરાની બહેનોએ સુંદર ભજનો ગાયાં, તો વડોદરાના અંધ ગવૈયા શ્રી બંસીભાઇએ ભજન અને શ્રી શ્યામભાઇએ સરસ ધૂન ગવડાવી. એનાથી



સમગ્ર વાતાવરણ ભાવ ભક્તિના દિવ્ય ધ્વનિથી ગૂંજી ઉઠયું.

પ્રારંભમાં કપૂરાના ઈશ્વરભાઈ ભકતે આજના મંગલદિને ગામ ને ધ્યાન કેન્દ્રના ભાઇબહેનો વતી સ્વાગત કર્યું. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી ભટ્ટ સાહેબ ને નારાયણભાઇ જાનીએ પૂ. શ્રી ને પૂ.માના જીવન પ્રસંગો તેમ જ પૂ. માની અનોખી, અલૌકિક સાધના વિષે વાતો કરી ને પૂ. માનું જીવનકાર્ય સફળ થાય એવી શુભ કામના વ્યક્ત કરી. શ્રી વિજયભાઇ પુરોહિતે–પ. પૂ ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીના ફોટાની શાસ્ત્રોક્ત વિધિપૂર્વક પંચોપચારથી શ્રી મણિબેન ઈશ્વરભાઇ ભકતના હસ્તે પૂજા કરાવી.

તે પછી ભોજન માટેના વિરામમાં, શ્રી બચુભાઈ ભકતના ઘરે સહુ સાધક ભાઇ બહેનો પધાર્યાં. પૂ. માના પિતાજીના સ્વર્ગવાસને હજી વીસ દિવસો જ થયા હોવાથી, સાદા ભોજન ઉપરાંત નવા વર્ષના શુભ શુકન તરીકે સહુને કંસાર ને ચોકખું ઘી પીરસાયું. ગામડાના સાદા સ્વચ્છ ને પૌષ્ટિક ભોજનની પરિતૃપ્તિ સહુએ અનુભવી. એમાં પ્રેમ પણ ભારોભાર ભરેલો હતો.

બપોર પછીની બેઠકમાં પૂ. શ્રી અને પૂ માના સાધનાત્મક જીવનની થોડી વધુ વાતો સાધકોના આગ્રહ ને પૂ. માની સૂચનાથી શ્રી નારાયણભાઇએ કહી. તે પછી પૂ. શ્રીના પ્રવચનની ટેપ મૂકાઇ. પ્રવચનનો વિષય હતો-મન. જીવનની સર્વ સાધના આ મનને પલટાવવા માટે જ છે. જો મન બગડયું તો જીવન બગડયું. આ વાત પૂ. શ્રીએ સરસ રીતે રજુ કરી છે.

અંતમાં પૂ. માએ કહ્યું “ અમારા ઉપરના ભાવભક્તિથી પ્રેરાઇને દૂર-સુદૂરથી તમે બધાં આવો છો, તે જોઈ અમારૂં હૃદય તીવ્ર ભાવ અનુભવે છે. તમો સહુની મંગલ ભાવના

( અનુસંધાન પાના ૫૩ ઉપર )

સાચું સમજીને આપણે જે વ્યાધિ આવે તે રામ ભરોસે રહીને વેઠી લઈએ અને આપણું જીવન આનંદમય બનાવીને ગુજારીએ તો કેવું સારું !

—યોગેશ્વરજી



એશીયન ઈન્ડસ્ટ્રીઝ

૧૮૪, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા–૧૦.



# બીજ

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

નાનો સરખો 'બીજમંત્ર' આધ્યાત્મિક શક્તિનો પ્રણેતા બને છે. શબ્દ શકિત કેળવણી, ભૂલોક અને સ્વર્ગના જીવન–મૃત્યુના રહસ્યોને ઊકેલે છે. ઇશ્વર તત્ત્વ તો શૂન્યમાં શબ્દ વેદમાં ય વસે છે. ત્રણલોક, ત્રિ શકિત, ત્રણ તત્ત્વના ભેદને બીજમંત્ર સમજાવે છે, ઓળખાવે છે. આત્મશક્તિનું બીજ શ્રદ્ધા છે. વિશ્વાસ જ આત્મશક્તિનું પોષક બળ છે. જીવનનો ખજાનો ખોલવાની ચાવી શ્રદ્ધા છે. શ્રદ્ધાનું પ્રેરક તત્ત્વ પેલું બીજ મંત્ર છે.

'આત્મા' માં બ્રહ્માંડની શકિત કેન્દ્રિત થયેલી છે. 'આત્મ તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં સુધી સાધના સર્વ જુઠી–વ્યર્થ ભાસે છે. ' આત્માને ઓળખ્યા વિના રે, લખ ચોરાસી નહીં મટે ' એમ આત્મબીજની ય ઓળખાણ આપવામાં આવી છે. શરીરનાં પંચ તત્ત્વ ઉપર આત્મ તત્ત્વનું પ્રભુત્વ રહેલું છે. આત્માની કેળવણી જ સાચી કેળવણી છે. ' ઐસે ઘટ ઘટ રામ હૈ, દુનિયા દેખત નાહીં, એમ કબીરે કહ્યું છે.

નાનું સરખું બીજ પોતાનામાં–પોતાના ગર્ભમાં વિરાટ વૃક્ષ લઈને–છૂપાવીને, સંઘરીને બેઠું છે. પોતાનું હાડ ફાડીને ધરતીનું રસાયણ ચૂસીને પોતાની ચેતનાને જીવંત રાખીને વૃક્ષનો જન્મ આપે છે. પોતાના અસ્તિત્વને અદશ્ય રાખીને પણ ઘટાદાર વૃક્ષને દશ્યમાન કરે છે. પોતાનું જીવન મિટાવીને નવ જીવન આપે છે. પ્રકૃતિનું પરમ તત્ત્વ બીજ છે. વૃક્ષમાં બીજ અને બીજમાં વૃક્ષ રૂપે કોઈ પરમ તત્ત્વ છૂપાયેલું છે.

'જેવું વાવીએ તેવું ઊગે' અથવા જેવું વિચારીએ તેવું મેળવીએ' માં બીજની ઓળખ છૂપાયેલી છે. આંબો વાવીએ તો મીઠાં-મધુરાં આમ્રફળ મળે, ગુલાબનાં છોડ ઉપર મોહક, સુગંધિત ગુલાબ ખીલે. થોર વાવીએ તો કાંટા મળે. જેવા વિચારને સ્થિર કરીએ, દૃઢ કરીએ તેવું પરિણામ મળે. શુદ્ધ અને પવિત્રતમ વિચાર જ માનવીને મહાનતા બક્ષે છે.

નાનું સરખું સૂત્ર પણ આત્મબળથી, સમગ્રતાથી બોલાય તો તેની શક્તિ સહસ્રગણી બને છે. સંતોના 'શબ્દબીજ' માં અમોઘ શક્તિ સમાયેલી હોય છે. સંતોના આશિષ-પત્થર પર લખાયેલા શબ્દો છે. સંતો, ગુરુઓ, ઋષિઓના થોડા શબ્દોથી ગુંથાયેલું વાકય-એક સૂત્ર છે. આ સૂત્રને મંત્રના નામથી ઓળખવું રહ્યું.

એક નાનો પણ 'ખરાબ' વિચાર લોહીમાં ભળી જાય છે. દૂધના પ્યાલામાં ઝેરના બિન્દુની જેમ આખાય ચિત્ત તંત્રને ખળભળાવે છે. વિચાર બીજ આખરે વૃક્ષ થઇ આખા જીવન પર ફેલાઇ જાય છે. સાત્ત્વિક વાંચન, મંત્ર જાપ, ગુરુ સેવા આવા નબળા વિચારોને દૂર કરે છે.

અહમ્ નું બીજ પતનનું પ્રથમ સોપાન છે. રાવણકુળની, કુરુકુળની વિપત્તિનું કારણ તો સુવિદિત છે. માત્ર અહમનાં કારણે જ વિનાશને નોતર્યો હતો. અભિમાનનો નાશ થાય તો જ પોતાના અસ્તિત્વની ઓળખ થાય છે. નમ્રતા ન ખીલે ત્યાં સુધી પ્રેમરસ પ્રાપ્ત થતો નથી. 'पिया चाहे प्रेम-रस और राखा चाहे मान। તો આશિષનું વરદાન મળતું નથી.

બીજની જાળવણી, કેળવણી. મેળવણી અને વાવણી ખૂબ મહત્ત્વની ક્રિયાઓ છે. ઉત્તમ બીજને સંતો સહેલાયથી ઓળખે છે. સંતોના આશ્રયે આવા બીજ જળવાય છે,



કેળવાય છે. આધ્યાત્મિક જીવનની ઉન્નતિ ત્યારે જ શકય બને છે.

બીજ નાનું છે, પરંતુ વિરાટને પોતાનામાં જાળવે છે. ધ્રુવ તારો અમાસની રાત્રિએ માર્ગદર્શક બને છે. વામનમાં વિરાટ છે આ તત્ત્વ! વેદોમાં આવતાં નાનાં નાનાં વાકયો પણ માનવ જીવનને બદલવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

## વિશ્રામગૃહને સહાય

અંબાજીમાં બંધાતા પ.પૂ. માતુશ્રી જ્યોતિર્મયી વિશ્રામ-ગૃહ માટેની નાની મોટી સહાય પણ પ્રભુકૃપાથી મળતી રહે છે. છેલ્લે મળેલી સહાયની વિગત નીચે પ્રમાણે છે.

૫૦૧ શ્રી વિશ્વનાથ મૂ. જાની મુંબઇ.
૨૫૧ ,, રામશંકર કુલશંકર વ્યાસ, મુંબઇ.
૨૬૦ ,, વિજયસિંહ રાણા, વડોદરા બે ટયુબલાઇટ માટે.
૧૦૧ ,, વિવેક રામભાઇ પટેલ, સેલ્વાસ.
૧૦૧ ,, અરૂણાબેન ઠક્કર. ભાવનગર.
૫૧ ,, જયાબેન ઠક્કર, ભાવનગર.
૫૧ ,, અલ્પેશકુમાર ધનસુખભાઇ પટેલ.
૧૦૧ ,, વસંતલાલ રામશંકર ભટ્ટ, મુબઇ.
૫૧ ,, મોહનલાલ વ્યાસ, મુબઇ.

સહુને હ્રદયપૂર્વકના અભિનંદન.

# શ્રદ્ધાની કસોટી

બિપિન ડી. દવે

શ્રદ્ધા એક એવી વસ્તુ છે કે તેની આગળ બુદ્ધિ અથવા તો સંકલ્પવિકલ્પ અને સંશય એ એટલા બધા ગૌણ બની જાય છે કે જાણે સૂરજની સાથે આગિયો સ્પર્ધા કરતો ન હોય! માટે તો ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહ્યું છે. કે "સંશયાત્માને સુખ જ નથી." એટલે તો હિન્દુ શાસ્ત્રો ગીતા રામાયણ ભાગવત અને ઉપનિષદોમાં પણ શ્રદ્ધાને આભૂષણરૂપ ગણવામાં આવી છે. આ શ્રદ્ધાની કઠીક કસોટી પણ જીવનમાં થતી દેખાય છે. પરંતુ કોઇ પણ કાર્યમાં આપણી શ્રદ્ધા ફળે ત્યારે તે બળવત્તર બની જાય છે. મારા જીવનમાં પણ શ્રદ્ધાની આવી એક કસોટી આવી ગઇ.

૧૯૭૯નો ઓગસ્ટ મહિનો, ઘનઘોર વાદળ, વિજળીના કડાકા અને મૂશળધાર વર્ષા, અમારૂ નિવાસસ્થાન એવી જગ્યાએ કે તે સમયે ચોમાસામાં તો ઘરે આવવાની કોઈ હિમ્મત જ ન કરે. અને જો કદાચ એકાદ વખત આવે તો બીજી વખત આવવાનું નામ જ ન લે. આવા જ સમયે એક રાત્રે પિતાજીની તબીયત અતિ નાજુક બની ગઇ. રીક્ષા કે કોઇ વાહન તો ઘર પાસે આવે જ નહિ. બાજુની સોસાયટીમાંથી એક ડોકટરને હું બોલાવી લાવ્યો. ડોકટરે પિતાજીની તબીયત તપાસી કહ્યું, "છેલ્લી સ્થિતિ છે. માટે કયાંય લઇ જવાની જરૂર નથી, કારણ કે આઠ-દસ કલાકથી વધુ કાઢશે નહિ. માટે ઈશ્વર સ્મરણ કરી એમનું મૃત્યુ ઉજાળો." બસ, આટલું સાંભળતામાં તો મારાં બા, પત્ની, બહેન વિગેરેએ રોકકળ કરી મૂકી. બાને આશ્વાસન આપતાં મેં કહ્યું: 'બા, ડૉકટર કહે છે તે પણ બરાબર છે. જે બનવાનું છે તેને કોઈ



મિથ્યા કરી શકવાનું નથી અને આપણી રોકકળથી કાંઇ તેઓ સારા થઈ જવાના નથી. માટે ઈશ્વરસ્મરણ એજ ઉત્તમ ઔષધ છે."

તે પછી ડોકટરની સૂચના પ્રમાણે સગાવહાલાંને બોલાવવા હું શહેરમાં ગયો. પહેલાં અંબાજીના મંદિરે ગયો મા અંબાને આર્દ્ર સ્વરે પ્રાર્થના કરતાં કહ્યું. "મા અંબા, મેં જો સાચા ભાવથી તારી થોડીય ભક્તિ કરી હોય તો મારી બહેનનાં યોગ્ય સ્થળે લગ્ન થાય ત્યાં સુધી મારા પિતાજીને જીવતદાન આપ. આ માગણી કરવાનો મારો કોઈ અધિકાર નથી, છતાં તારા શરણમાં આજે તારો આ બાળક ઊભો છે. બસ, તેની આટલી વિનંતીનો સ્વીકાર કર."

બસ, આટલી પ્રાર્થના કરી શહેરમાં રહેતાં મારાં માસીબા તથા કાકાના દીકરા ને ખબર આપી હું ઘરે પાછો આવ્યો. પાછળ પાછળ અમારાં સગાવહાલાં પણ આવી પહોંચ્યાં. સગાવહાલામાં માસીબા ઊંમરમાં વૃદ્ધ, વડીલ અને અનુભવી હતાં. એમની ઉમ્મરના આધારે કેટલાંય મરણ તેમણે જોયાં હતાં. એ અનુભવને આધારે જ બાને કહ્યું : 'બહેન ગંગાજળ-તુલસીપત્ર, ઘી-ગૌછાણ-ગૌમુત્ર દર્ભ વિગેરે તૈયાર રાખો. અને અનાજનું પુણ્ય દાન એમના હાથે કરાવી દો. કારણ કાનની બુટ્ટીઓ જાડી થઇ ગઇ છે ને નાકની દાંડી વળી ગઇ છે. અંતિમ શ્વાસ ચાલી રહ્યો છે." મારા કાકાનો દીકરો આ સાંભળી રડી પડ્યો. પણ મારી આંખમાં એક આંસુ ન આવ્યું. મનમાં હું મા જગદંબાની સ્તુતિ કરતો હતો, કારણ અહીં જ મારી શ્રદ્ધા અને પૂ. માસીબાના અનુમાનની કસોટી હતી. આમ ને આમ દિવસ આખો નીકળી ગયો. લગભગ રાત્રે અગિયાર વાગે પિતાજી કાંઈક સ્વસ્થતા અનુભવતા લાગ્યા. માસીબાએ લોટમાં ઘી વગેરે નાંખી

રાબ બનાવી થોડી પીવડાવી. બીજે દિવસે સવારે વધુ સ્વસ્થ બન્યા, હું ડોકટરને બોલાવવા ગયો, ડોકટર તો પિતાજી અવસાન પામ્યા હશે એમ માનીને આવેલા જ નહિ. પિતાજીની તબીયત સુધારા ઉપર છે, એમ ડોકટરને કહેતાં તેઓ આશ્ચર્યથી મારી સામે જોઈ રહ્યા, પછી મારી સાથે આવી પિતાજીની તબીયત તપાસી બોલ્યા: મારા અનુભવકાળમાં આવો પહેલો જ પેશન્ટ હું જોઉં છું કે મૃત્યુના મુખમાંથી પાછો આવ્યો હોય. બીજું આમાં ઈશ્વરી ચમત્કાર સિવાય કાંઈ નથી. પૂ. માસીબા પણ કહેવા લાગ્યાં કે બિપિન, આવી સ્થિતિ પર પહોચેલો કોઈ માણસ મેં સારો થતો જોયો નથી. તારા ઉપર પૂર્વજોની પૂણ્યાઈ અને મા જગદંબાની કૃપા જ ઉતરી છે. કલ્પના કરો કે આ શબ્દો જ્યારે મારા કાને પડ્યા, ત્યારે મારો અંતરાત્મા કેટલો પુલકિત થઈ ઉઠ્યો હશે!

આ પછી બે એક મહિનામાં જ બહેન માટે સુરતિયો શોધી કાઢ્યો, વાત નક્કી થઈ ગઈ, લગ્ન લેવાયાં, પણ આર્થિક સંકડામણને કારણે જમણવારમાં થોડો કાપ મૂક્યો. જાનના ઉતારા માટે એક હોલ તથા લગ્ન અને જમણવાર માટે એક વાડી નક્કી કરી. લગ્ન વિધિ સુંદર રીતે પતી ગઈ. પૂ. બા બાપુજીએ કન્યાદાન કર્યું. મા જગદંબાએ મારી એક વિનંતી પૂરી કરી. મને ખૂબ ખૂબ આનંદ થયો. હું એની કૃપાને ગદ્ગદ્ ભાવે યાદ કરી રહ્યો. પરંતુ હજી મારી થોડી કસોટી બાકી હોય એમ મને લાગ્યું. જમણવારનો સમય થયો. બહેનના લગ્નના દિવસે જ્ઞાતિમાં ને સ્નેહીઓમાં બીજાં ઘણા લગ્ન હતાં. એટલે ધાર્યું માણસ નહિં આવે એવી ગણતરી રાખી ફક્ત અઢીસો માણસની રસોઈ બનાવી હતી. પરંતુ જમવાના સમયે સાડીચારસોથી પાંચસો માણસો આવી પહોંચ્યાં! આ જોઈ ઘરનાં બધાંને ચિન્તા થઈ ગઈ. મને ય



થયું, 'મા, આટલી બધી લાજ રાખી, તો હવે થોડા માટે એ ના જાય તે જોજે. છેલ્લી ઘડીએ આને પહોંચી શકીએ એમજ નથી એટલે હવે તારો એક આશરો જ છે. હે મા, આ તારા દીકરાનોજ પ્રસંગ છે. એટલે તારીય લાજ ભેગી જશે."

એમ પ્રાર્થના કરતાં મેં મા અંબાની સ્થાપેલી છબી આગળ દીપ પ્રકટાવ્યો ને પ્રાર્થના કરતાં કહ્યું, આ દીપ-જ્યોતની જેમ મારી શ્રધ્ધાના દીપને હે મા તું અખંડ રાખજે' એટલું બોલતાં જ મારી આંખોમાં અશ્રુબિન્દુ ઊભરાયાં. મારૂં હૃદય ભાવ વિભોર બની ગયું.

ત્યાં તો એક સંબંધી પાસે આવી બબડવા મંડ્યા:–અલ્યા બિપિન, આટલું લાંબુ ચીતરવું હતું તો જરા રસોઈ તો સરખી કરાવવી હતી, તારૂં આયોજન બરાબર નથી."

મેં ખૂબ શાંતિથી એમને કહ્યું: કાકા, એ બધી ચિન્તા હવે પેલી અંદર બેઠેલી માને સોંપી છે. એટલે તમે ચિન્તા ન કરો. મારા શબ્દો એમને ન ગમ્યા. એ નારાજ થઈ એક બાજુ બબડતા ચાલ્યા ગયા.

મેં મા અંબાને પ્રણામ કરી જાનને જમવા બેસાડી દીધી. તે પંગત પછી બીજી પંગત પણ બેસાડીને છેલ્લે ઘરના ને મિત્રો જમી ઊઠયાં ત્યારે પણ ઘણી બધી રસોઇ હજી વાસણોમાં વધેલી જોઈ. પેલા કાકાએ મારી પાસે આવી મારો વાંસો થાબડયો ને બોલ્યા "ભાઈ, તારી મા અંબા સાચી, હું ખોટો!"

મેં કહ્યું: કાકા, કદીક આપણી શ્રધ્ધા ને ધીરજની એ કસોટી કરી લે છે, ખરૂં કે નહિ!

"ખરૂં, ભાઈ ખરૂં, પણ મારી શ્રધ્ધા તો આવે વખતે ન રહે." એમ બોલી, ફરી મારે વાંસે હાથ ફેરવી એ વડીલ ચાલ્યા ગયા અને મને એ વડીલના સ્પર્શમાં જાણે મા અંબાના સ્પર્શનો અનુભવ થઈ રહ્યો હોય, એમ લાગ્યું. *

સંતોની વાણી સાંભળો, શાસ્ત્રો પઢો, વિદ્વાન થઈ જાવ પણ જો ઈશ્વરને હૃદયમાં સ્થાન ન આપીએ તો કાંઈ ન કર્યું.

—યોગેશ્વરજી

ડી. બી. ફાઉન્ડ્રી

૬૯૫, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા–૧૦.



## પ્રભુ ! ત્હું વિના

પદ

પ્રભુ ! ત્હું વિના મને,–ચેન ના પડે અહીં !
–પ્રભુ ! ત્હું વિના–ટેક.
ગીત ગાઓ પ્રભુનાં–સખા કહેતાં રહે,
પણ અંતર મ્હારે ઉદ્વેગ ભરેલ !
હું તો ઉપરથી હસેલ !
મ્હારા કંઠ ડૂમો રહેલ !
ત્યહીં ગીત કયાંથી સરે ! ? –પ્રભુ ! ત્હું વિના–
નેનોથી નીંદર ગઇ ! ઉદરથી ક્ષુધા ગઈ !
મનમાંથી તૃષા ટળી ! –પ્રભુ ! ત્હું વિના–
નાથે નરસૈંયો, મંજીરે મીરા.
ત્યહીં સૂની મેંલાતે ગીત ક્યહાંથી બજે ! ?–
પ્રભુ ! ત્હું વિના–!–
પ્રભુ ! ત્હું વિના મને, ચેનના પડે અહીં–
પ્રભુ ! ત્હું વિના–

–આંતરો–

બસ, ત્હમે જશો ! ?
–બસ, ત્હમે જશો ! ? –મ્હને માફ કરો–
–મ્હારા પાપ પ્રજાળો !
–મુકી મ્હને જશો !
–મુકી ત્હમે જશો ? કહો કેમ અટુલો ! ?–
–પ્રભુ ! તો કહો મને કેમ ગમે ! ?–
–સખા ! ત્હું વિના !–
પ્રભુ ! ત્હું વિના મ્હને, ચેન ના પડે અહીં !
–પ્રભુ ! ત્હું વિના –!

હસુભાઇ ત્રિ. દવે. (પ્રજ્ઞકાંત)

જગન્નાથપુરીની યાત્રાની સાથે

# યાત્રા પૂ. માના કલ્યાણકારી સાન્નિધ્યની

ગોરધનભાઈ કલોલા

આજે પણ પૂ. માને મૌનવાર છે. કામારપુકુર અને જયરામવાટીની યાત્રાનો કાર્યક્રમ આજે ગોઠવાયો છે. વહેલી સવારના છ વાગ્યે પ્રભુ નામ સંકીર્તનના મધુર સ્વર સાથે અમારી યાત્રા શરૂ થઈ જાય છે. માના પાવન સાનિધ્યે જ કલ્યાણકારી યાત્રાનું સ્વરૂપ લઈ લીધું છે. માનું સાનિધ્ય હરિકીર્તનનો મહોત્સવ. મા જ જાણે યાત્રિકોનું લક્ષ્ય હોય તેમ માના સાનિધ્યમાં જાણે સંકીર્તનની હેલી વરસી રહેતી. આજે કામારપુકુરના રસ્તે આવતા તારકેશ્વર મહાદેવના દર્શને જતાં બસમાં સૌએ કીર્તનની અનેરી મસ્તી માણી.

ભગવાન તારકેશ્વરના દર્શને જતાં પ્રભુકૃપાનો અદ્ભુત અનુભવ થયો. અમારી બસ રસ્તામાં કોઈ અડચણને કારણે ઉભી રહી. નીચે ઉતરી તપાસ કરી તો સેંકડો મોટી મોટી ટ્રકોની લાઈનો લાગી હતી. અમારી યાત્રામાં સમયનો સવાલ હતો. ટૂંક સમયમાં રસ્તો ખુલ્લો ન થાય તો મોટી મુશ્કેલી ઉભી થવાની દહેશત હતી. આ વખતે ઉત્તરભારતની યાત્રાનો પ્રસંગ યાદ આવ્યો. તે વખતે જેવા સંજોગો સર્જાયા હતા તેવા સંજોગોનું જાણે અહીં પુનરાવર્તન થતું હતું. ત્યારે પૂ. ગુરુદેવની પ્રાર્થનાથી અશક્ય શક્ય બન્યું હતું. પરમશક્તિએ અકલ્પ્ય સંજોગોમાંથી અદ્ભુત રીતે રસ્તો કર્યો હતો, આજે પણ માઈલો સુધી જામેલા ટ્રાફિકમાંથી રસ્તો કરવાની



મથામણ હતી. મુશ્કેલી પડે એટલે મા જ યાદ આવે અમારા માટે મા જ સર્વાધાર રૂપ હતા. ઉત્તરની યાત્રા વખતે પૂ. ગુરુદેવ પ્રત્યક્ષ હતાં. પરંતુ આજે પણ માના સ્વરૂપમાં ગુરુદેવપ્રભુ પ્રત્યક્ષ જ છે, તે સૌએ અનુભવ્યું. પૂ. માએ તુરત જ વિષ્ણુસહસ્ર નામનો પાઠ કરવાનો આદેશ આપ્યો. એક પાઠ પુરો થતાં એક ચમત્કાર સર્જાયો. અમારા આશ્ચર્ય વચ્ચે અમારી બસ ચાલુ થઈ. ઘડી પહેલાંના અભેદ્ય આવરણો પૂ. માની પ્રાર્થનાથી દૂર થયા. પૂ. મા એ કહ્યું કે મને સહજ રીતે વિષ્ણુસહસ્રનામનો પાઠ કરવાની સ્ફુરણા થઈ અને આ પાઠ પુરો થતાં પ્રભુકૃપાથી માર્ગ મોકળો થયો. અમે નિર્ધારેલા સમયે તારકેશ્વર મહાદેવના સ્થાનમાં પહોંચી ગયા. આ કેવી રીતે બન્યું, એ અમે સમજી શકયા નહિ, પરંતુ બન્યું એ હકીકત હતી.

આ વિસ્તારમાં તારકેશ્વર મહાદેવનું મહાત્મ્ય અધિક છે. આજે ત્યાં ઉત્સવ હોવાથી મંદિરમાં અસહ્ય ભીડ હતી. આપણા ધાર્મિક સ્થાનોમાં યોગ્ય વ્યવસ્થાના અભાવે યાત્રિકોને ખૂબ સહન કરવું પડે છે. તેમ છતાં ભીડમાં પણ પ્રભુદર્શન માટેની લોકોની તાલાવેલી જોવા જેવી હોય છે. ઉછળીકૂદીને પણ પ્રભુદર્શનની જિજ્ઞાસા સંતોષે છે. માનવ હૃદયો જાણે પ્રભુપ્રેમમાં ઘેલાં બન્યાં છે. "તારક બંમ ભોલે બંમ"નો પ્રતિઘોષ લોકહૃદયમાં ગુંજી ઊઠ્યો છે. ગમે તેવી ભીડ કે અવ્યવસ્થા પણ પ્રભુપ્રેમ માટે જ સર્જાઇ હતી ને! પ્રભુપ્રેમથી પરિપ્લાવિત માનું અંતર પણ કેમ ઝાલ્યું રહે! તેઓ પણ આ ભીડમાં જાણે કૂદી પડે છે. છોકરાઓ પૂ. માની આસપાસ કોર્ડન કરીને ધસારાને ખાળવા પ્રયત્ન કરે છે. એ ઘડી પણ તારકનાથ મહાદેવના દર્શનથી પૂ.મા સંતોષ અનુભવે છે. આ પ્રસંગ પૂ. મા આપણા ધાર્મિક સ્થળો તરફ કેવો આદર-

ભાવ ધરાવે છે તેનું દર્શન કરાવે છે. સરળતાથી દર્શન તો સૌ કરે, પરંતુ મુશ્કેલીઓમાં-ભીડમાં પણ ભગવાનથી ભાગે નહીં એવી આધ્યાત્મિક વીરતાનાં દર્શન એ પૂ. માની પ્રતિભાનું એક વિરલ પાસુ છે. આવી બેસુમાર ગીર્દી પણ પૂ. માને દર્શન કરતાં રોકી શકી નહીં. ધર્મસ્થાનો પ્રત્યેની પૂ. માની આ શ્રદ્ધા ખરેખર સૌને માટે અનુકરણીય છે.

તારકેશ્વર મહાદેવનો ભક્તિ મહોત્સવ માણી અમારી સંકીર્તન યાત્રા કામારપુકુરના પવિત્રધામના દર્શનાર્થે પ્રયાણ કરે છે. લગભગ ૨-૩૦ વાગ્યે કામારપુકુરની પુણ્યભૂમિના દર્શનથી સૌ હર્ષ અનુભવે છે. ભગવાન રામકૃષ્ણદેવની વિરલ અને અતુલનીય જીવનલીલાનો રસાસ્વાદ જેમણે માણ્યો છે તેમને તેમની લીલાભૂમિના દર્શનના આનંદની અલૌકિકતા શું નીરૂપવાની હોય ! સૌ એ પાવનભૂમિને અંતરથી વંદી રહ્યા.

રામકૃષ્ણમીશનના નિયમ મુજબ ઠાકુરના જન્મ સ્થાનના દર્શન ચાર વાગ્યા પછી થતા હતા. એટલે અમે કામારપુકુર-ગામમાં ઠાકુરે જ્યાં જ્યાં લીલાઓ કરી હતી તે સ્થાનોનાં દર્શન કર્યાં. ઠાકુર જ્યાં ભણતા તે પાઠશાળા, ભગવાન શંકરનું મંદિર, ધનીમાનું ઘર, નાટકશાળા વિ. સ્થાનોનાં દર્શન કરી સૌ યાત્રિકોએ ઠાકુરનાં જીવન પ્રસંગોનું સ્મરણ કરી ઉંડો આત્મસંતોષ અનુભવ્યો. સૌ યાત્રિકો ઠાકુરના પરમભક્તો હતા તેથી દરેક સ્થાનોની સ્મૃતિઓ જે તે પ્રસંગો સાથે યાદ કરી ધન્યતા અનુભવવા લાગ્યા. ઠાકુર જાણે સૌ ભક્તો પર પ્રસન્ન થયા હોય તેમ તેમની કૃપાવર્ષા વર્ષારૂપે વરસી રહી. વરસતા વરસાદમાં ઠાકુરની લીલાભૂમિની પદયાત્રા સૌના અંતરપટમાં પ્રેમની પાવન સ્મૃતિ રૂપે અંકિત થઈ ગઇ.

પૂ. માના આદેશને શિરોધાર્ય માની આવતીકાલ પર



ઠાકુરના જન્મસ્થાનના દર્શન મુલતવી રાખી અમારી બસ જયરામવાટીના પાવનધામ તરફ આગળ વધી. બસ શરૂ થઈ નથી ને અમારુ સંકીર્તન શરૂ થયું નથી. મા શારદા અને ઠાકુરની લીલાભૂમિમાં અમે ફરી રહ્યા હતા એટલે પૂ. મા એ ગાયુ:

" આજ તારા આંગણિયે આવ્યા અમે સૌ "

ભજન પુરુ થતાં માએ ધૂન શરૂ કરી.

જય જય બોલો શ્રી રામકૃષ્ણ દેવની રે,
જય જય બોલો શ્રી શારદા માતની રે.

કામારપુકુરથી જયરામવાટીના રસ્તે અનેરી ધુનની મસ્તી ચડી. પ્રભુનામ સ્મરણના પ્રેમાનંદમાં તરબોળ બની અમે સૌ મા-શારદાની પ્રાગટ્ય ભૂમિને વંદી રહ્યા.

અમારી યાત્રા સુખરૂપ જયરામવાટી પહોંચી તેથી પૂ. મા નું અંતર પ્રસન્નતાથી ગાઇ ઉઠયું.

ધન્ય ધન્ય ગુરુદેવપ્રભુ
કાર્ય અમારું સફળ કર્યું
અશકયને તેં શકય કર્યું
બિરૂદ સ્વજનનું સત્ય ઠર્યું-ધન્ય

પ્રભુકૃપાની ધન્યતા માણતા સૌ યાત્રિકોએ રામકૃષ્ણ મીશનના આરામગૃહમાં ઉતારો કર્યો. મીશન તરફથી યાત્રિકો માટે ઉતરવાની સારી સગવડતા છે.

મા શારદાની આ પ્રાકટય ભૂમિ જાણે શાંતિધામ છે ! આમેય બંગાળની ભૂમિ તેના કુદરતી સૌંદર્ય માટે ગૌરવ અનુભવી શકે છે. મા શારદાનું આ પાવનધામ શાંતિ અને

સૌંદર્યથી ભર્યુંભર્યું લાગે છે. પરમાત્મા શાંતિ સ્વરૂપ અને સૌંદર્યમંડિત છે, તેવી અનુભૂતિ દ્દષ્ટિસંપન્ન પ્રભુપ્રેમીઓ માટે અહીં સહજ છે.

આવા પ્રશાંત અને મનોહર ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી પણ સહોદર બનીને જાણે ચીરકાળથી વાસ કરી રહી છે. મા શારદાએ આ ભૂમિમાં પ્રકટીને જાણે ગરીબાઈને પણ ગૌરવ અપાવ્યું છે. આવી અસહ્ય ગરીબી વચ્ચે પણ મા શારદાએ પ્રભુપ્રેમનો દિવ્ય સંદેશ આપીને, ગરીબાઈમાં પણ અંતરની અમિરાત પ્રકટાવીને પ્રભુ દર્શનની ભીખ માંગી છે. ગરીબો માટે પણ પ્રભુ છે અને પ્રભુના ગુણગાન ગાતાગાતા આવી ગરીબીમાં પણ સંતોષથી ભર્યુંભર્યું જીવન જીવી શકાય છે તેવો જીવન સંદેશી આપી ગયાં છે. જયરામવાટીની યાત્રા કરનાર દરેક યાત્રીને માટે મા શારદાની આ લીલાભૂમિ પ્રેરણા-સ્રોત બની રહી છે.

રામકૃષ્ણમીશનની સંસ્થાએ આ પવિત્ર ભૂમિની જાળવણી સરસ કરી છે. મા શારદાનું શાંતિ અને પવિત્રતાથી ભર્યુંભર્યું નાનકડુ મંદિર, મા શારદાનું જન્મ સ્થાન તથા લીલાસ્થાનો-ની તેના અસલરૂપમાં જાળવણી, સાધુઓ માટેના નિવાસ-સ્થાન, ભોજનશાળા, આરામગૃહ વિ. સારાં દર્શનીય સ્થળો છે.

હવે સાંજ ઢળવા આવી છે. પૂ. મા સ્વસ્થ થઈ રૂમની બહાર આવી, મંદિર અને આરામગૃહની સામે નાનકડુ પાણીથી ભરેલું તળાવ છે તેના કિનારે આવી ધ્યાનમાં બેસે છે. સૌ યાત્રિકો પણ પૂ. માની આસપાસ સહજ રીતે ગોઠવાઈ જાય છે. આ શાંતિધામમાં સૌ શાંતિસ્વરૂપ બનીને ધ્યાનનો આનંદ માણે છે.



સાયં આરતીનો સમય થતાં સૌ મંદિરમાં દર્શનાર્થે જાય છે. આરતી અને ભજનો બંગાળીમાં થયાં. એ પવિત્ર વાતાવરણનો આનંદ માણવાનું સૌને ગમ્યું. આરતી પછી ભોજન લેવાનો અહીં નિયમ છે. અમારે આજે અહીં ભોજન લેવાનું હતું તેથી સૌ ભોજનાલયમાં ગયા. પૂ. મા પણ અમારી સાથે ભોજનાલયમાં આવ્યાં છે. ભોજન પીર-સાયું ત્યાં સુધી ત્યાં ઊભાં છે. સ્તોત્રબોલી સૌ ભોજન આરોગે છે તે દરમ્યાન પૂ. મા મંદિરના ઓટલા ઉપર બહાર આવીને બેઠાં છે.

અંતરના અંતરતમમાંથી થયેલી પ્રાર્થના ખરેખર સંભ-ળાય છે. પ્રાર્થનાની શક્તિમાં શ્રદ્ધા દૃઢ કરે તેવી એક નાન-કડી ઘટના બની. આરામગૃહમાંથી ભોજન લેવા સૌ ભોજના-લય તરફ જતાં હતાં ત્યારે કુંદનબેનનાં ચશ્માં તેમના પર્સ-માંથી પડી જાય છે. ભોજનાલય પાસે પહોંચતાં ખબર પડી કે ચશ્માં નથી, તેથી ચશ્માં શોધવા આસપાસ પ્રયત્ન કરે છે. પરંતુ ચશ્માં મળતાં નથી. ચિંતાતુર બની ભોજન લેવા બેઠાં છે પરંતુ મન ચશ્માં શોધે છે. ચશ્માં પહેરતા હોય તેને માટે ચશ્માં કેટલાં કિંમતી હોય છે, તે તેનું મન જાણતું હોય છે. કુંદનબેનની ચશ્મા માટેની ચિંતા પ્રાર્થનામાં પલટાઈ જાય છે. ભોજન લીધા પહેલાં જ મા શારદાને પ્રાર્થના કરે છે. “હે મા, તારા ધામમાં હું આવી છું. તારા પાવન ધામની યાત્રાના સુખદ સંસ્મરણોમાં મારા ચશ્માંનો પ્રસંગ વિક્ષેપરૂપ ન બને અને મારા ચશ્માંની જરૂરિયાત લક્ષમાં લઈ મારા ચશ્માં શોધી આપજે.” ભોજન પહેલાની આ પ્રાર્થના મા શારદાના મંદિરના ઓટલે બેઠેલાં મા સર્વેશ્વરી એ અદ્‌ભુત રીતે સાંભળી. પૂ. માના શબ્દોમાં આ પ્રાર્થના-નો પ્રત્યુત્તર સાંભળીએ. પૂ. માએ કહ્યું “તમે સૌ ભોજન

કરતા હતા ત્યારે હું ઓટલા ઉપરથી કોઇપણ કારણ વગર ઉભી થઇ અને આરામગૃહ તરફ પગલાં ભરવા માંડી. થોડું ચાલી તો મને રસ્તામાં એક ચળકતી વસ્તુ દેખાઇ, મેં તે લીધી અને ફરીથી મંદિરના ઓટલા ઉપર આવીને બેસી ગઇ.” પૂ. માએ કહ્યું કે કોઇ અગમ્ય પ્રેરણાની અનુભૂતિની પ્રતીતિ સહજ રીતે અનુભવી.

અમે જમીને આવ્યા ત્યારે પણ પૂ. મા હજુ ઓટલા ઉપર જ બેઠાં હતાં. પૂ. માએ ચશમાંની શોધની રહસ્યમયતાનો ઘટઃસ્ફોટ કર્યો ત્યારે સૌ યાત્રિકોને પ્રાર્થનાની શક્તિની પ્રતીતિ થઇ. પૂ. માના ભાગવતી સામર્થ્યને સૌ વંદી રહ્યા.

*—* (ક્રમશઃ)

જે માણસ કોઈ એક વસ્તુ ઉપર એકનિષ્ઠાથી કામ કરે છે તે અંતે બધી જ વસ્તુઓ કરવાની શક્તિ મેળવશે.

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
“સત્યવાન” તથા “ચંદન”
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨



(પ. પૂ. શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

# પ્રકાશના પંથે

સંક્ષેપક : પરમાર્થી

## લાંબા ઉપવાસો ને દાદીમાનું અવસાન

વઢવાણ પછી વસંત પંચમી પર અમે સરોડા પહોંચ્યા. નારાયણભાઇ, ચંપકભાઇ સૌ સાથે હતા. વસંત પંચમીને દિવસે જગદંબાના અનુગ્રહનો કોઈ વિશેષ ઉલ્લેખનીય અનુભવ ના બન્યો. વઢવાણમાં નંદપાંચમનો દિવસ મળેલો પરંતુ નંદપાંચમ કોને કહેવાય તેની માહિતી નહોતી મળી. એને માટે આત્મપ્રેરણા પર આધાર રાખીને મેં ઈશ્વરની કૃપાની રાહ જોવા માંડી.

સરોડા પહોંચ્યા પછી મેં ત્યાંના શાંત એકાંત વિશુદ્ધ વાતાવરણમાં આત્મશાંતિ અને આત્મશુદ્ધિની સાધના સારુ પાણી પર નવ દિવસના ઉપવાસ કર્યા. એ પછી ચોથી ઓગસ્ટ થી અગિયારમી સપ્ટેમ્બર સુધી વળી ઉપવાસ કર્યા. એ ઉપવાસ કેવળ મારી ઇચ્છાથી નહોતા થયા પરંતુ ઈશ્વરની પ્રેરણાથી જ આરંભાયલા. એ લાંબા ઉપવાસને લીધે અશક્તિ વધે એ સ્વાભાવિક હોવા છતાં મારી શ્રદ્ધા, ધીરજ, હિંમત તેમ જ માનસિક સ્વસ્થતા વધતી જ ગઈ. એ બધું ઈશ્વરની અહેતુકી કૃપાનું જ પરિણામ હતું. એ કૃપા વિના મારા સરખા સામાન્ય માનવમાં એવું કઠોર કષ્ટ સહેવાનું સામર્થ્ય ક્યાંથી ?

એ દિવસોની વેદના કેટલી ભારે હતી ? સરોડાના એકાંત સ્થળે એ વેદનાએ પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું. આ રહ્યા એ વેદનાના પ્રેમપૂર્ણ પડછંદા :

"હે મા, આટલા બધા દિવસથી મૂંગા કેમ બેઠાં છો? કેટકેટલા દિનથી હું રાહ જોઉં છું, તલસું છું, પુરુષાર્થ કરું છું, રડું છું, કકળું છું, તો પણ કેમ નથી હાલતાં? કેમ નથી પ્રગટ થતાં? તમે કેટકેટલાની લાજ રાખી છે, તો મારે માટે જ આમ શાંત બનીને શા માટે બેસી રહ્યાં છો? તમે માના બિરુદને છોડી દીધું છે? નરસી, તુકારામ, મીરાં, રામકૃષ્ણદેવ સૌને તમે સહાય કરી ને મારે માટે કેમ મૂંગા થયાં? એ બધું હું કેવી રીતે સાચું માનીશ? વહેલી તકે પ્રત્યક્ષ બનીને મારા મનોરથ સફળ કરો.

ઉપવાસ દરમિયાન મારા પર જુદા જુદા દિવસોએ માની કૃપાવર્ષા થઈ. ઉપવાસના એકત્રીસમા દિવસે માએ અર્ધજાગૃતિમાં આવીને વાતચીત કરીને પોતાની પૂર્ણ કૃપાનો દિવસ આપ્યો. એ વરસે સરોડાના એ નાનકડા શાંત સ્થળમાં લગભગ પાંચેકમાસ રહેવાનું થયું. એ સઘળો સમય સાધના માટેના પ્રખર પરિશ્રમમાં જ પસાર થયો.

૩૮ દિવસના ઉપવાસ દરમ્યાન એક દિવસ મને અંતર્ આત્મામાંથી આદેશ મળ્યો કે 'હમણાં અહીં જ રહો. અમંગળ છે. ઉપવાસ ચાલુ જ રાખો.'

એ આદેશ પ્રમાણે કંઇક અમંગળ બનવા નિર્માયલું હતું. ને સમય આવતાં તે થઇ ગયું. ઉપવાસ પૂરા થયા તે પછી એક સવારે પ્હો ફાટે તે પહેલાં જ ડોશીમાનું મૃત્યુ થયું, ને મારે રોજનીશીમાં નોંધવું પડયું. 'ડોશીમાનું મૃત્યુ-કાર્તિકી સુદી ૭ ને સોમવાર વિ સ. ૨૦૦૫, તારીખ ૮-૧૨-૧૯૪૮.' મારા એ દાદીનું મૂળ નામ સાંકુબેન-સંતોષબહેન હતું.

મેં ને માતાજીએ મળીને તેમના મૃતશરીરને યથાસ્થાને ભૂમિ પર મૂક્યું.



થોડીવારમાં તો બધે ખબર પહોંચી ગઈ. ડોશીમાની દીકરીઓ ને બીજાં સ્વજનો આવી પહોંચ્યા. મરેલા માણસને માટે ચિંતા કે શોક પ્રકટ કરવાનું ને તેના શરીરને સ્મશાને લઇ જવાની વ્યવસ્થા કરવાનું તો બાજુએ રહ્યું, પણ સ્વાર્થ ને અજ્ઞાન તેમજ દ્વેષથી પ્રેરાયલાં સ્વજનો તકરાર કરવાના પ્રયાસ કરવા માંડ્યાં. કોઇ કહે 'ડોશીને તમે ઝેર આપીને મારી નાખ્યાં' કોઇ કહે, 'અમને બોલાવવા કેમ ના મોકલ્યા?' તો કોઇ નિરર્થક વાતોના ઊભરા કાઢવા માંડ્યાં. માતાજીએ કહ્યું, 'ડોશીમા મરેલાં છે. તેમના શરીરની વ્યવસ્થાની તૈયારી કરો. કોઇ તેમને ઝેર શું કામ આપે? છતાં તપાસ કરાવવી હોય તો ડોકટરને બોલાવો.'

શનાભાઇના પુરુષાર્થથી ડોશીમાંનું શબ ઠેકાણે પડી ગયું. શ્રાદ્ધ કરવા પણ તેમણે પોતાના છોકરાને મોકલ્યો. પણ વિરોધી લોકોએ બીજો એક દાવ અજમાવ્યો. બારમાને દિવસે તેમણે પહેલેથી અરજી કરીને કંટ્રોલ ખાતાના ઇન્સ્પેકટરને બોલાવ્યા. પણ પ્રભુ જેની લાજ રાખે તેને શું ભય? રસોઇ જ ઓછી હોય ત્યાં ઈન્સ્પેકટર શું કરે? તે ઉલટા શરમાઇ ગયા ને કહેવા લાગ્યા કે 'આ નનામી અરજી કરનાર કેટલા અજ્ઞાની લોકો છે? આ તો ઉલટું મારે ભોંઠા પડવું પડયું. ચાલો, મને તમારાં દર્શન થયાં.' અરજીના અક્ષરો મેં ઓળખ્યા. પણ ઇન્સ્પેકટરને મેં નામ કહ્યું નહિ. લખનાર માણસ ડોશીમાનો સંબંધી જ હતો. તે સરોડા બહાર શિક્ષકની નોકરી કરતો હતો. ત્રણ દિવસ લાગટ ઈન્સ્પેકટરે આવીને તપાસ કરી. એ વખતે કાંઇ જમણવાર કર્યો હોત તો ફજેતી થાત. પણ પ્રભુ દયાળુ છે. પોતાના પ્રેમીને ફજેત કરવાનું તેને સ્વપ્ને પણ કેમ ગમે? તેના પ્રેમીનો યશ-અપયશ એ તેનો જ યશ-અપયશ છે.

ડોશીમાના મૃત્યુથી માતાજી એક મોટા સાંસારિક બંધનમાંથી મુક્ત થયાં. મારી સાથે રહેવા માટે ઈશ્વરે તેમને મુક્ત કર્યાં. અનેક જન્મોનાં પુણ્ય ને પ્રભુની દયા વિના એવી મુક્તિ મળતી નથી. એ બધા જ દિવસોમાં મારી સાધનાની ચિંતા ચાલુ જ હતી. અને અમે સરોડા છોડયું.

સરોડાથી અમે સાબરમતી પહોંચ્યાં. સાબરમતીમાં પ્રેમી ભાઇ ઈશ્વરભાઇનો ને બીજાનો પ્રેમભાવ પુષ્કળ હોવાથી લાંબા વખત સુધી રોકાવાનું થયું. એ દિવસોમાં ઇ. સ ૧૯૪૩ માં ઋષિકેશમાં જેમનો પૂર્વ પરિચય થયેલો એ ઓમસ્વામીનો ફરીવાર સમાગમ થયો. ઓમસ્વામી સારા વિદ્વાન હતા. સંન્યાસી થયા પહેલાં જ ઉપનિષદ, ગીતા, સ્વામી વિવેકાનંદનાં વ્યાખ્યાનો અને આધ્યાત્મિકતામાં અભિરુચિ રાખતા. એમનો સ્વભાવ આનંદી હતો. એમના સુપરિચિત એક સુપ્રસિદ્ધ સ્વામીજી અમદાવાદમાં આવેલા અને શાહીબાગમાં કોઇક ભક્ત કુટુંબને ત્યાં ઉતરેલા. મેં પણ એમની પ્રશસ્તિ સાંભળી હોવાથી ઓમ સ્વામીના પ્રેમપૂર્ણ આગ્રહને અધીન બનીને એક દિવસ સાંજે એમની મુલાકાત લીધી.

અમે એમની પાસે પહોંચ્યા ત્યારે એ બહાર દિવાનખાનામાં બેઠેલા. એમની આગળ થોડા ભક્તો તથા દર્શનાર્થીઓ બેઠેલા. એક ભાવિક બહેન રામચરિત માનસનો પાઠ કરી રહેલી. સ્વામીજીનું શરીર સુદૃઢ, કદાવર અને ભવ્ય હતું. એમની ચામડીનો લાલરંગ એમણે પહેરેલી રેશમી કફનીના રંગ સાથે મળી જતો. એમનું જન્મસ્થાન પંજાબ પ્રદેશનું હોવાનું યથાર્થ અનુમાન સહેલાઇથી કરી શકાતું.

રામચરિત માનસનો શ્રવણમંગળ પ્રેમપૂર્ણ પાઠ પૂરો થયો એટલે ઓમસ્વામીએ પોતાની ઓળખાણને તાજી કરીને



સંત કબીરનાં બે પદો સંભળાવ્યાં. શ્રોતામંડળ એ સાંભળીને પ્રસન્ન થયું એટલે થોડી વાર શાંત રહીને એમણે પૂછયું : 'સમાધિ કોને કહેવાય ?'

સ્વામીજીએ ઉત્તર આપ્યો : 'મનની વૃત્તિનો નિરોધ થઈ જાય તે સમાધિ છે. એથી વિશેષ કોઈ સમાધિને તમે જાણતા હો તો કહી શકો છો.'

એમના છેલ્લા શબ્દોમાં જ્ઞાનની ગરિમાનો ભાવ અનુભવાયો. ઓમસ્વામી વધારે ચર્ચાવિચારણામાં પડત ખરા, પરંતુ સૂર્યાસ્તનો સમય થઇ ચૂકયો હોવાથી મેં એમને ઉઠવા સંકેત કર્યો. મારી તરફ ફરીને એમણે અત્યંત પ્રેમભાવથી પ્રેરાઇને સ્વામીજીને મારો પરિચય કરાવતાં કહ્યું : 'આ એક મોટા યોગી છે અને હિમાલયમાં રહે છે.'

સ્વામીજીએ મારા પ્રત્યે અનોખો રહસ્યમય દૃષ્ટિપાત કરીને તરત જ જણાવ્યું : 'યોગી હોકર ભટકતે ?'

અર્થાત યોગી છે તો પછી ભટકે છે શા માટે ?

વિચિત્ર શૈલીમાં કહેવાયલી એ અણધારી વાતથી ઓમસ્વામીને સહેજ દુઃખ થયું. એમણે એવા શબ્દોની અપેક્ષા નહોતી રાખી. એ બોલ્યા : 'આપ પણ ઉચ્ચકક્ષાના યોગી છો. આપ ફરતા ફરતા અહીં આવ્યા છો તેમ આ પણ આપના દર્શને પધાર્યા છે.'

સ્વામીજી સાથેની એ મારી પહેલી ને છેલ્લી મુલાકાત હતી. તેમના છેલ્લા શબ્દો ભારે મર્મભેદક હોવાથી કાળજામાં કોરાઇ રહ્યા. ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની પરંપરાગત પ્રખ્યાત પુરાણ કથાને સ્મરીને મેં એમાંથી પણ સાર લીધો. પ્રત્યેક પ્રસંગમાંથી સદસદ્બુદ્ધિ સંપન્ન સુવિચારી પુરુષે કાંઇ ને કાંઈ શીખતા જ રહેવાનું છે. (ક્રમશઃ)

# બાહ્યપૂજા

રજૂઆત : મમતા ભાટીઆ

મહાનિર્વાણ તંત્રમાં એક શ્લોક છેઃ–

उत्तमो ब्रह्मसद्‌भावो ध्यानमावस्तु मध्यमः ।
स्तुतिर्जपोऽधमो भावः बाह्यपूजाधमाधमा ॥

એટલે કે સર્વત્ર બ્રહ્મનું દર્શન કરવું તે ઉત્તમ, ધ્યાન ધારણા તે મધ્યમ, પ્રાર્થના અને જપ તે અધમ અને બાહ્ય પૂજા તે અધમાધમ.

પ્રાચીન વિધિવિધાનોનો વિચાર કરતી વખતે દેશકાલ અને સંદર્ભનો વિચાર કરવો આવશ્યક છે, એટલે કે અમુક શબ્દ ક્યાં બોલાયો છે, ક્યારે બોલાયો છે, તે કોને ઉદ્દેશીને બોલાયા છે એ બધું જોવું જોઇએ. દાખલા તરીકે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને યુદ્ધ કરવાનું કહે છે, ને ઉદ્ધવને અકિંચન થવાનું કહે છે. પ.પૂ. શંકરાચાર્યજી એક વખત કહે છે 'ન બંધુર્નમિત્રમ્ ગુરુર્નૈવ શિષ્યઃ । ચિદાનંદ રૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્ ।' ગુરુ, શિષ્ય, મિત્ર, બંધુ કોઈ નથી, માત્ર સોહમ્ છું હું તે પરમાત્મા છું. ચિદાનંદ રૂપ સાક્ષાત શિવ છું. અને પછી બીજે સ્થળે કહે છેઃ-ગુરોરંઘ્રિપદ્મે મનશ્ચેન્ન લગ્નમ્ તતઃ કિમ્ તતઃ કિમ્ તતઃ કિમ્ ? ગુરુનાં ચરણશ્રી કમળમાં મન ના લાગ્યું તો જીવતર ધૂળ છે. શ્રીરામકૃષ્ણદેવે પણ પણ પોતાના કેટલાયે શિષ્યોને કહ્યું હતું કે પહેલાં કાલી દર્શન કરી લો, પછી ગરીબગુરબાની સામે જોજો. પરંતુ તેઓએજ સ્વામી વિવેકાનંદને કહ્યું હતું 'અરે, તારે વળી



સમાધિમાં ડૂબેલા રહેવું છે ? હું તો તને વટવૃક્ષ થવાનું કહું છું. ત્રિવિધ તાપથી પીડાતા જીવોને વટવૃક્ષ બની આશ્રય આપ, અભય આપ, એમનું દુઃખ હર.'

આમ જુદા જુદા ઋષિ–મુનિઓએ જુદી જુદી વ્યક્તિઓ અને પરિસ્થિતિમાંના સંદર્ભમાં જુદી જુદી વાત કરેલી છે; નહિં કે બધા જ સાધકોએ ગાડરિયા પ્રવાહની પેઠે એક જ રસ્તે ચાલવું જોઇએ. ભલેને સહુ પોતાનો ઉચિત ધર્મ શોધી કાઢી તેના રસ્તે ચાલે. આપણને જોઇએ છે આનંદ, શાંતિ, સાર્થકતા ને સંતોષ, તમામ સંશય, સંઘર્ષ, દ્વંદ્વનો અંત. હજારો રસ્તાઓની વચ્ચે એક રસ્તો બાહ્યપૂજાનો પણ છે. એ રસ્તે ચાલવાનું જેમને ઉચિત લાગે તેઓ ભલે તે રસ્તે ચાલે.

બાહ્યપૂજા કોની ? ભગવાનની મૂર્તિની. મૂર્તિ કેવી રીતે આવી ? ભગવાને પોતે જ એક વખત એ વાતનો નિર્દેશ કર્યો છે, શા સારુ કર્યો છે ? નરલીલા તેમને ગમે છે એટલે, નહિં તો ગીતામાં ગાત ખરા કે યુગે યુગે હું જન્મ લઉં છું. દુષ્ટોનું દમન કરવા, સાધુઓનું પરિત્રાણ કરવા અને ધર્મનું સંસ્થાપન કરવા હું ફરીફરીને આ પૃથ્વી પર અવતાર ધારણ કરું છું. આ વાત જો સાચી હોય તો જે મનુષ્યશરીરમાં તેઓ આપણી પાસે આવવા ઇચ્છે છે, તેની આપણે પૂજા કેમ ન કરીએ ? એમની નરલીલા પર વિશ્વાસ રાખવાથી અંહકાર પર કાબૂ મેળવવાનું સહેલું બને છે. કારણ સૌથી મોટી સાધના પ્રેમની સાધના છે, અને માણસ સૌથી વધારે સહજપણે માણસને જ ચાહી શકે છે. તેથી તો અર્જુને ભગવાનને કહ્યું કે તમારું વિશ્વરૂપ દેખાડી મને ગભરાવો નહિ, મને તો તમારું સૌમ્યવપુ–મનુષ્યરૂપ જ ગમે છે. તે જ દેખાડો.

ઘરમાં ઇષ્ટદેવતાની મૂર્તિની પૂજા કરવી એ પ્રાણુહીન લોકાચાર નથી. પ્રેમથી મૂર્તિમાં ઇષ્ટનું આવાહન કરવાથી મૂર્તિમાં પ્રાણુપ્રતિષ્ઠા થાય છે. ઘણા ભક્તોએ પ્રત્યક્ષ જોયું છે કે મૂર્તિમાંથી ભગવાન પ્રગટ થાય છે, જેમ શ્રીરામકૃષ્ણુદેવ અને મીરાંબાઇની મૂર્તિમાં પ્રગટ થયા હતા. કેમ પ્રગટ થાય છે ? ભક્તની સાથે મનુષ્ય બની ખેલવાનું તેમને ગમે છે માટે.

તેમ છતાં મૂર્તિપૂજા સૌને માટે નથી. ગીતામાં ભગવાને લાખ વાતની એક વાત કહી છે કે નમ્ર બની વિશ્વાસ રાખીએ તો આપણી અંદરની ઘણી ગડમથલ શમી જાય છે. સૌએ પહેલાં તો પોતાનો સ્વધર્મ શોધી કાઢવાનો છે અને પછી એ રસ્તે ચાલવા માંડવાનું છે. પરંતુ કેટલાકો બધાને એક જ અસ્તરે મૂંડાવાનું કહે છે. એમાંથી બધી મુસીબત ઉભી થાય છે. કારણુ મારો ઠાકુર એક જ સુરે બંસી નથી બજાવતો, પણુ એની બંસીમાં અનેક સૂર છેડે છે જેને જે સૂર ગમે તે સૂરે તે પોતાના હૃદયનો તાર મેળવી લે.

અણુમાંથી વિરાટ બ્રહ્માંડની સૃષ્ટિ પેદા થઇ છે. સોયની અણિ જેટલી જગામાં લાખો લાખો જીવાણુ જન્મે છે, જીવે છે ને મરે છે. યુગોથી આ ચાલે છે. ત્યારે ભગવાનના કેટલાં રૂપ થયાં, કારણુ પ્રત્યેક જીવાણુ ભગવાનનું જ રૂપ છે.

જેમને ભકિત જોઇએ છે, તેઓ કોઇ ને કોઇ મૂર્તિ દ્વારા ખૂબ સહજભાવે ભક્તિની સાધના કરી શકે છે. મૂર્તિની અંદર દેવત્વનું આરોપણુ કરવાથી પ્રેમને વશ થઇ મૂર્તિ જીવંત બની જાય છે, એ એક અકલ્પ્ય અધ્યાત્મિક અનુભૂતિ છે. બુદ્ધિવાદીઓ ભલેને એ કબૂલ ન રાખે, એને ખોટી વાત કહી ઘાંટો પાડવાથી કંઇ સત્ય અસત્ય થઈ જતું નથી.



ભગવાન ગીતામાં અર્જુનને કહે છે કે ભગવાનને જે ભાવે યાદ કરશો તે ભાવે; તે રૂપે તે દર્શન દેશે-એટલે કે પત્ર, ફળ, ફૂલ, ગ્રહણુ કરશે. આ ગ્રહણુ કરવાનો અર્થ જ બાહ્યપૂજા. ગીતાના છેલ્લા અધ્યાયમાં પણુ ભગવાન આજ વાત કહે છે કે જ્ઞાનીની પેઠે મનથી મને ગ્રહણુ કરો, ભક્તની પેઠે હૃદયથી મારું વરણુ કરો. અને પૂજારીની પેઠે દેહથી મારો સ્વીકાર કરો. પ્રેમથી ધૂપદીપ કરી, શંખ ઝાલર વગાડી, ફૂલચંદન ચડાવી પૂજા કરવાથી ભગવાન મૂર્તિમાંથી પ્રગટ થઈ દર્શન આપે છે. એકાંગી જ્ઞાનીઓ આ સાદી વાત સમજવા માગતા નથી અને મૂર્તિની બદબોઇ કરી કહે છે કે બાહ્યપૂજા એટલે કે મૂર્તિપૂજા કરવી એ ભગવાનને હલકા પાડવા જેવું છે, આ માન્યતા બરાબર નથી.

શ્રી યોગેશ્વર કૃપા.
સંદિપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે—સુરત.

# સુખદ અને દુઃખદ પરિસ્થિતિ

સંકલન : ઈશ્વરભાઈ શાહ

સંસારમાં બે પરિસ્થિતિ છે

| સુખદ | દુઃખદ |
|---|---|
| મોકલનાર પરમાત્મા | મોકલનાર પરમાત્મા |

સુખ, દુઃખ માનવ અધિકારમાં નથી. સુખને કોઇ માનવ રોકી શકતું નથી. માનવના અધિકારની વાત જ્યાં ન હોય ત્યાં ઈશ્વરનો અધિકાર આપોઆપ આવે છે. આ કારણે સુખ પરમાત્માએ મોકલેલ છે. આ જ પ્રમાણે દુઃખનું. માનવ સત્ય શું છે તે તરફ વિચાર જ નથી કરતો. અને પોતાના અધિકારમાં ન હોય ત્યાં ઈશ્વર શબ્દ મૂકી છટકી જઇ અસત્યમાં આનંદ માને છે.

માનવ પોતે કદી વિચાર જ નથી કરતો કે હું જ ઈશ્વર છું. સુખ-દુઃખ મારાં જ બનાવેલાં છે. વિચાર કરૂં-ઈશ્વર છું; છતાં સુખ-દુઃખ મને કેમ અડકે? અમને ખૂબ જ દુઃખ આવેલ. અમે ચિંતન કર્યું કે, "ઈશ્વર હું છું." છતાં દુઃખ શા માટે? કંઈક દુઃખને સમજવામાં ભૂલ થાય છે. તો જ્યારે દુઃખ ઉપર ચિંતન કરતાં કરતાં કારણ જડયું તો નાચી ઉઠ્યો કે દુઃખ તો મારા પ્રભુના આશીર્વાદ છે. નકામો રડતો હતો. આ સુખ-દુઃખ ઉપર જ અમે ૧૦૦ પાનાં લખ્યાં છે. એક સિદ્ધાંત ઈશ્વર માટે છે કે ઈશ્વર કોણ?



(૧) જે સર્વમાં હોય. જેનાથી દૂરી ન હોય (જે કોઇમાં હોય અને કોઇમાં ન હોય તે ઈશ્વર નથી.)

(૨) જે સર્વદા હોય. જેનાથી ભેદ ન હોય (જે આજ હોય અને કાલે ન હોય તે ઈશ્વર નથી.)

(૩) જે સર્વત્ર હોય. જેનાથી ભિન્નતા ન હોય (જે અહીં હોય અને બીજે ન હોય તે ઈશ્વર નથી.)

હવે જે ઈશ્વર સર્વમાં હોય તે સુખમાં શું નથી? છે. દુઃખમાં શું નથી? છે. તો સુખદ-દુઃખદ પરિસ્થિતિમાં ઈશ્વર છે જ.

હવે જ્યારે તમારે સુખદ પરિસ્થિતિ આવે ત્યારે વિચારવું કે સુખ આવ્યું ક્યાંથી? જગતમાં સુખ ૨૦ ટકા છે, દુઃખ ૮૦ ટકા છે. હવે જ્યારે સુખ આવ્યું ત્યારે માનવું કે જે ૮૦ ટકા દુઃખી હતા તે ૮૧ ટકા થશે તો એક ટકો દુઃખીનું સુખ તમને મળ્યું તો તમારું સુખ તે દુઃખી પાસેથી ઝૂંટવેલ સુખ છે. જે ઝૂંટવાઇને આવે તે કદી શાંતિ ન આપે, દુઃખજ આપે. હવે આ કારણે સુખી પોતાને જે સુખ મળ્યું છે તે સુખ પોતા માટે નથી મળ્યું, પણ દુઃખીઓ માટે મળેલ છે તેમ માની દુઃખીઓને વહેંચી દે તો કદી દુઃખી નહિ થાય. જો સુખી સુખને નહિ વહેંચે તો ખુદ ઈશ્વર તેને દુઃખમાંથી નહિ બચાવી શકે. આ પ્રમાણે હવે જે દુઃખી છે તેની પાસે તો વહેંચવાનું કંઇ નથી. તો દુઃખી પોતાને જેતું દુઃખ હોય તેની વાસનાનો ત્યાગ કરે તો દુઃખી સુખી કરતા યોગવિત્ થઇ જશે.

દાખલા તરીકે એક મૂંગો છે. મૂંગાપણાનું દુઃખ છે, આ દુઃખથી સદા દુઃખી છે. દુઃખનો જ ભોગ કરે છે, તેથી દુઃખ

વધે છે. અને માનવ જીવન જે કલ્યાણનું સાધન છે તે ગુમાવે છે. હવે આ મૂંગો જો બોલવાની વાસનાનો ત્યાગ કરે તો તે સુખ–દુઃખથી ઉપર ઉઠી સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરશે. અમારો અનુભવ છે કે અમે ૧૨ વર્ષ નહિ બોલવાના કારણે ઘણી સૂક્ષ્મ સિદ્ધિઓ આપોઆપ મેળવેલ છે. જ્યારે મૂંગો તો ૨૫ વર્ષથી નથી બોલતો. તો તેને સિદ્ધિ મળવી જ જોઈએ. શા માટે ન મળી ?

અમે સ્વેચ્છાએ ન બોલ્યા. જે અમારૂં તપ બન્યું. મૂંગો અનિચ્છાથી ન બોલ્યો, જે તેની વાસના બની. ઈશ્વરને ત્યાં ભેદ નથી. પણ ઈશ્વર મૂંગાને કહે છે કે મેં તને મૂંગો બનાવ્યો તે તારા હિતમાં છે. સ્વ–ઇચ્છાથી ન બોલવું કઠીન છે. મેં તને સગવડ કરી આપી. તું માત્ર તારા બોલવાની વાસનાનો ત્યાગ કર તો જે સિદ્ધિ તપસ્વીને મળશે તે તને પણ મળશે.

આ જીવનના સત્ય ઉપરથી અમે એક સિદ્ધાંત નક્કી કર્યો છે. જે તમે બધા જીવનમાં ઉતારશો તો તમારી સાધના બનશે.

**સિદ્ધાંત:–**

(૧) સુખી પોતાના સુખને વહેંચે તો દુઃખથી સદા માટે મુક્ત થશે.

(૨) દુઃખીને ધનનું દુઃખ હોય તો ધનની વાસનાનો, શરીરનું દુઃખ હોય તો શરીરની વાસનાનો, ટૂંકામાં દુઃખી જે દુઃખથી દુઃખી હોય તેની વાસનાનો ત્યાગ કરે તો દુઃખી, સુખદુઃખથી ઉપર ઉઠી સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરશે.

તમારી સામે જે પ્રાપ્ત પરિસ્થિતિ હોય તેનો સદુપયોગ કરો. અપ્રાપ્ત પરિસ્થિતિનું ચિંતન છોડો. તમારી સામે ભોજનની થાળી છે, તો પ્રસન્નતાથી જમો. પણ કાલ કેરી



મળશે કે નહિ તેનું ચિંતન કરશો તો થાળીમાં પડેલ કેરીના રસનો સ્વાદ જશે. જો તમે સુખી હો તો તમારા સુખને સેવામાં લગાડશો તો દુઃખ કદી તમારી પાસે નહિ આવે. દુઃખી પણ ઈશ્વર છે. ઈશ્વર દુઃખી સાથે સદા છે. એટલે દુઃખ મોકલનાર પણ ઈશ્વર છે. ઈશ્વર બાપ છે એટલે દુઃખ દેવામાં પણ દીકરાનું હિત હશે. દીકરો ન સમજે તો દીકરાની ભૂલ છે જ્યારે તમોને દુઃખ આવે ત્યારે આનંદિત થઈ જવું કે ઈશ્વર મને દુઃખરૂપી દવા આપી રોગ કાઢી, સ્વસ્થ બનાવવા માગે છે. દુઃખનો ભોગ ન કરો. દુઃખ તો વીટામીન છે. સુખ ખોરાક છે.

દુઃખ કર્મનું ફળ નથી એમ હું માનું છું કર્મનું ફળ હોત તો જીવન ન મળત પણ દુઃખનો સદુપયોગ–યોગ બની વાસ્તવિક જીવનમાં પ્રવેશ કરાવે છે.

**કર્મથી શું બને ?**

કર્મ માત્ર પરિસ્થિતિ પેદા કરી શકે છે. આ પરિસ્થિતિ પોતે સુખદ–દુઃખદ નથી. પણ તમે સુખદ–દુઃખદ બનાવો છો.

એક વેપારીએ ખાંડના વેપારનું કર્મ કર્યું. હવે ૧૦ દિવસ પછી રૂા. ૧૦) ઘટ્યા. કર્મથી તો માત્ર ખાંડનો વેપાર બનેલ. હવે આ વેપાર સારો–ખરાબ ન હોય, પણ રૂા. ૧૦) ના ઘટાડાના ભાવે દુઃખદ પરિસ્થિતિ બનાવી.

આજ ગામમાં બીજા વેપારીએ પણ ખાંડ ખરીદી. ૧૫ દિવસ પછી રૂા. ૧૫) વધ્યા. તો વેપારરૂપી કર્મ તો બંનેનું એકજ હતું. ખાંડની ખરીદી પણ એક જ તારીખે એક જ વેપારી પેઢીમાંથી કરી હતી. પણ (વધારે) પાંચ દિવસ પછી ભાવ વધ્યા તો આ વેપારીને પારસ્થિતિ સુખદ લાગી.

**કર્મે શું બનાવ્યું ?**

ખાંડનો વેપાર. પછી તો કર્મ પૂરૂં થયું. કર્મ પરિસ્થિતિ

પેદા કરે છે. પણ પરિસ્થિતિ સુખદ–દુઃખદ કર્મ ન બનાવે.

ખોટ ગઈ–લાભ થયો. આ કર્મ છે કે મનની સ્થિતિ ?

ખોટ કે લાભ. ખાંડના વેપારરૂપી કર્મે માત્ર એક પરિસ્થિતિ પેદા કરી. હવે આ પરિસ્થિતિ સુખદાયી અને તે પરિસ્થિતિ દુઃખદાયી. તે પરિસ્થિતિ સાથે સંબંધ નથી ધરાવતી. પણ મારી મનની દશા સુખદ–દુઃખદ કહે છે. કર્મ સાથે સંબંધ નથી.

હવે આ બંને વેપારીઓનો માલ ગોડાઉનમાં પડ્યો છે. ભાવ ૧૦ દિવસ પછી ઘટ્યા અને ૧૫ દિવસ પછી વધ્યા. જેને ઘટ્યા છે તેણે માન્યું દશ હજારની ખોટ ગઇ. જેને વધ્યા તેને દશ હજારનો લાભ થયો. ત્યાં સરકારે તે જ રાત્રે હુકમ બહાર પાડ્યો કે બધી ખાંડ સરકાર લઇ લેશે તો પરિસ્થિતિ બંનેની કેવી થશે ?

ટૂંકમાં માનવીનું કર્મ માત્ર પરિસ્થિતિ પેદા કરે છે. તમે જમવાનું કર્મ કર્યું, તો ભૂખ નિવૃત્તિની પરિસ્થિતિ જન્મે. હવે તમે જમવામાં દૂધ, ગોળ ખાવાનું જે કર્મ કર્યું તેના કારણે કોઢની પરિસ્થિતિ સર્જાઇ. પ્રથમ ભોજન ખાધાના કર્મે ભૂખની નિવૃત્તિની પરિસ્થિતિ પેદા કરી. પછી ભોજનમાં વિરોધાભાસી ખોરાક ખાતાં બીજી પરિસ્થિતિ પેદા થઈ. મૂળ કારણ તમે બંનેનું એક જ કર્મ માનો છો.

ખાધું અને કોઢ નીકળ્યો. ખાધાના કર્મે તો એક પરિસ્થિતિ પેદા કરેલ જેનું નામ છે ભૂખની નિવૃત્તિ. કોઢ નીકળ્યો તે પરિસ્થિતિ પેદા કરનાર ગોળ–દૂધ ખાધેલ તે કર્મ–વિપરિત આહાર.

(પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુ યોજીત સાધના શિબિરના સત્સંગમાંથી.)



# ઓળખો આપણા મનને (૨)

મંગળભાઇ પંચાલ

## આંદોલનનો નિયમ

આંદોલનોના આ નિયમને સમજવા માટે આપણે હારમોનિયમની રચના જોવી પડશે. એકાદ ફૂટ ઉંચાઈ અને બે સવા બે ફૂટ લંબાઇ ધરાવતું લાકડાની પોલીસ કરેલી પેટી જેવું તે હોય છે. પાછળની બાજુએ હવા ફેંકવા માટેની ધમણ હોય છે. ઉપરની સપાટી પર ચઢતા ઉતરતા ક્રમવાળા સૂરોની કાળી તેમજ સફેદ કળો બેસાડેલી હોય છે. આ કળોની નીચે ચઢતા ઉતરતા ક્રમવાળા સૂરોની અત્યંત પાતળી પટ્ટીઓ જડેલી હોય છે. પેટીની અંદરના ભાગમાં ખાસું પોલાણ હોય છે અને તેમાં ચાર અથવા પાંચ પડદા ગોઠવેલા હોય છે, જેની ઉઘાડ–વાસ કરવા માટે પેટીની બહારની બાજુએ દટ્ટા આપવામાં આવેલા હોય છે. ચોક્કસ પ્રકારની સૂરાવલીને માટે વધુ હવા મળી રહે એવો આ પડદાઓનો હેતુ હોય છે. જેવી ધમણ ચલાવવામાં આવે કે તરત જ બહારની હવા અંદર પેટીમાં દાખલ થાય છે અને જે સૂરો ઉપર આંગળીઓ દબાવીએ તેવા જ પ્રકારના સૂરોની પટ્ટીઓમાં ધ્રૂજારી, કંપન ઉત્પન્ન થાય છે અને આપણને તે સૂરો સાંભળવા મળે છે.

આ સૂરાવલીઓના પોતાના નિયમો હોય છે, જેમાંથી જુદા જુદા રાગરાગીણીઓની રચના ઉત્પન્ન થઇ છે, જેને આપણે સંગીતશાસ્ત્ર તરીકે ઓળખીએ છીએ. કેટલીક સૂરાવલીઓ આપણને આનંદથી તરબોળ કરી દે છે તો બીજી કેટલીક

સૂરાવલીઓ આપણામાં વીરતા, ક્ષમા, કરૂણા, ભય, આશ્ચર્ય વગેરે ભાવો ઉત્પન્ન કરે છે.

હવે આપણે સમજી શકીશું કે હારમોનિયમની પેટીમા દાખલ થનારી હવા તો એક જ છે, પરંતુ આ હવા જે કળ દ્વારા બહાર નીકળી જે પ્રકારની ધ્રૂજારી પ્રકટાવે છે ત્યારે તેનું સ્વરૂપ બદલાઈ ગયું હોય છે. આપણે પાછળ જોઇ ગયા કે હવા અથવા મૂળ સામર્થ્ય તો એક જ છે પરંતુ જે કળ દ્વારા આ હવા બહાર નીકળે છે ત્યાં જ ભેદ પડે છે. મૂળ સામર્થ્યમાં સર્વ કંઇ-સૂરો સુધ્ધાં ભરેલું છે, એના પ્રકટીકરણમાં જ ભેદ પડે છે. આજ નિયમને આપણે આપણને મળેલા મનુષ્યદેહ રૂપી કળ સાથે સરખાવીએ તો આપણને જરૂર સમજાશે કે આપણને મળેલી કળમાંથી કયો સૂર નીકળે છે ? જો સૂર બેસૂરો વાગતો જણાય તો આપણી કળને સમરાવવી જ પડે. જ્યાં સુધી નહીં સમરાવીએ ત્યાંસુધી આ કળ આપણને પોતાને તો હેરાન કરે જ છે પરંતુ સાથે સાથે તેની સાથે બેસાડેલી બીજી કળોમાંથી નીકળતી મધુર સૂરાવલીઓને પણ બગાડે છે. આપણા કુટુંબમાં લોકસમાજમાં પણ આપણે આવું જ જોઇએ છાએ.

સાચું કહીએ તો આ સર્વ સૃષ્ટિ અને તેમાં રહેલા તમામ પદાર્થો આંદોલનરૂપે જ છે. "બ્રહ્મ સત્યં જગત્ મિથ્યા" આ મહાન શંકરાચાર્યના સૂત્રને આપણે એ રીતે સમજવાની કોશિષ કરીએ તો જગતનું પોકળપણું દેખાઇ આવશે. વૈજ્ઞાનિકોએ પણ હવે આ બાબત સિદ્ધ કરી છે. તેઓ કહે છે કે દરેક નક્કર દેખાતો પદાર્થ અણુઓનો બનેલો છે જેને પદાર્થના સૂક્ષ્મ કણો કહી શકાય પરંતુ આ અણુઓ પણ શુદ્ધ પદાર્થ નથી. તેઓનું પણ વિઘટન થાય છે જેને



આપણે પરમાણુઓ તરીકે ઓળખીએ છીએ. આપણે ગુરુવંદના કરતી વખતે બોલીએ છીએ-"એકં નિત્યમ્ વિમલ મચલમ્ સર્વધી સાક્ષિભૂતમ્." આમાં જે વિમલ એટલે કે અત્યંત શુદ્ધ એવો જે પદાર્થ છે તે જ આપણા ગુરુ છે. અહિયાં અણુ શુદ્ધ નથી. આવા એક અણુને આપણે કેન્દ્ર માનીએ તો તેવા એક કેન્દ્રની આસપાસ ન્યુટ્રોન અને પ્રોટોન નામના પરમાણુઓ અત્યંત વેગથી ફરતા હોવાને લીધે જ તે પદાર્થ આપણને નક્કર સ્વરૂપે દેખાય છે. એક ત્રણ પાંખીઆવાળો પંખો ૨૦૦૦. આર. પી. એમ. ની ઝડપે ફરતો હોય ત્યારે ગોળાકાર પતરા જેવો જ લાગે છે. હકીકતમાં એનાં ત્રણ પાંખીઆં વચ્ચે ખાસું અંતર હોય છે.

આ સર્વ અણુઓના તથા વીજાણુઓના ગુણ એક સમાન જ છે. ફેર માત્ર એટલો રહે છે કે એકમાં આકર્ષણશક્તિ રહેલી છે, બીજામાં વિકર્ષણશક્તિ અને ત્રીજામાં તે તટસ્થસ્વરૂપે છે. (+) ઘન (−) ઋણ અને તટસ્થ શક્તિ અથવા મૂળ સામર્થ્ય એક સરખું જ રહે છે.

એક કેન્દ્રમાં એક ઘન (+) વીજાણુની આસપાસ એક ઋણ (−) વીજાણુ ફરે અને તેના દ્વારા જે પદાર્થ બને તે હાઈડ્રોજન તરીકે ઓળખાય છે. આજ રીતે એક કેન્દ્રમાં આઠ ઘન (+) વીજાણુ + આઠ તટસ્થ અણુઓ હોય અને તેની આસપાસ આઠ (−) ઋણ વીજાણુઓ ફરતા હોય ત્યારે તે ઓકસીજન કહેવાય છે. હવે $H_2O$ − બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઓકસીજન મળે ત્યારે તેના સંયોજનથી બનતા પદાર્થને આપણે પાણી તરીકે જાણીએ છીએ. આમ, નિતર્યું, નિર્મળ, કાચ જેવું દેખાતું પાણી પણ રચનાની દૃષ્ટિએ કેટલું જટિલ છે ?

વળી નવાઈની વાત તો એ છે કે ઓક્સીજન અને હાઇડ્રોજન બન્ને વાયુરૂપ છોડીને જળરૂપ બની જાય છે અને દાહક મટીને શામક બની જાય છે. છેને અજાયબી ? પરમ-કૃપાળુ પ્રભુએ આપણને વિપુલ પ્રમાણમાં પાણીની ભેટ આપી છે, પરંતુ તેમાંનુ રહસ્ય જાણવાનો વૈજ્ઞાનિકો સિવાય આપણા સાધક ભાઈઓએ પ્રયત્ન કર્યો છે ? પાણી જેવી મહામૂલી વસ્તુ આપીને આપણા ઉપર તેઓની અનર્ગળ કૃપા વરસી રહી છે તે સમજીને ભક્તિનું હાર્દ હૃદયમાં ઉતારીએ !

આજ પ્રમાણે કેન્દ્રની આસપાસ બાર-વીજાણુઓ ફરતા હોય તો તે કોલસો બને છે અને છવીસ વીજાણુઓ ફરતા હોય તો તે લોખંડ રૂપે દેખાય છે. આમ સૃષ્ટિમાં રહેલો દરેક પદાર્થ ઓછીવત્તી સંખ્યામાં રહેલા ધન (+) ઋણ (-) તથા તટસ્થ વીજાણુઓનું સંઘટન જ છે. આપણા ઋષિમુનિઓ-ને આ સત્યનું હજારો વર્ષ પહેલાં દર્શન થયું હતું અને તેઓએ આજ ઘટકોને બ્રહ્મા વિષ્ણુ અને મહેશ ત્રિપુટી રૂપે ઓળખાવ્યા છે.

આમ હોવાથી આપણે પદાર્થોને જડ કેમ કહી શકીએ ? તેઓમાં તો અમાપ શક્તિ ભરી પડેલી છે. વીજાણુઓ તેની અમાપ શક્તિથી ગતિ કરી રહ્યા છે. તેથી જ બ્રહ્મ એક અને સર્વ વ્યાપક છે. એમ ઉપનિષદના ઋષિઓ ગાઈ-વગાડીને કહે છે. સર્વ જ ચૈતન્ય સ્વરૂપે છે. જડ-ચેતન, અણુએ અણુમાં આ ચૈતન્યની જ શક્તિ ધરબાયેલી પડી છે. આ રીતે આખુંયે ચરાચર વિશ્વ એક માત્ર પરમતત્ત્વનું જ બનેલું છે અને આંદોલનમય-ગતિમય છે. ભક્ત કવિ નરસિંહ મહેતાને એટલે જ ગાવું પડ્યું-"પવન તું, પાણી તું, પૃથ્વી તું, ભૂધરા."



## શક્તિના શ્રોતનું ઉદ્ગમસ્થાન

આપણું શરીર પણ અસંખ્ય કોષોનું બનેલું છે. વૈજ્ઞાનીકો-એ આશરે માપ કાઢ્યું છે કે આપણા શરીરનો પ્રત્યેક કોષ લગભગ ૧/૧૦૦ વોલ્ટ જેટલી વિજળી આપે છે. એક ટોર્ચ-માં જે પાવર (શેલ) આપણે વાપરીએ છીએ તેમાં આશરે દોઢ વોલ્ટ જેટલી વિદ્યુતશક્તિ હોય છે. એક ઘન ઇંચ જેટલા કોષોમાંથી ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) વોલ્ટની શક્તિ ઉત્પન્ન થઈ શકે છે. હવે આપણી કલ્પનાનો સહેજ વિસ્તાર કરીને ગણિત માંડીએ તો...દશ હજાર ઘન ઇંચ જેટલું આપણું આ મનુષ્ય શરીર આપણને પ્રભુએ આપ્યું છે તેમાંથી કેટલી વિજળી ઉત્પન્ન થઈ શકે ? હિસાબ કરીએ તો આ શરીરમાં રહેલા કોષો વડે ૪૦ કરોડ વોલ્ટની વિજળી ઉત્પન્ન થઈ શકે. ૨૨૦ અથવા વધુમાં વધુ ૪૦૦ વોલ્ટની શક્તિથી આપણાં શહેરોની રોશનીઓ ઝળહળી ઉઠે છે તો પછી ૪૦ કરોડ વોલ્ટે જ શક્તિ ઉત્પન્ન કરનાર આ શરીરમાં કેટલી પ્રચંડ શક્તિ રહેલી છે તે વિચાર માત્ર જ અદ્ભુત અને અત્યંત આશ્ચર્ય પમાડે તેવો છે. આ એક મહાન વૈજ્ઞાનિક સત્ય છે. આપણા ઋષિમુનિઓએ જપ, તપ, પ્રાણાયામ, ધ્યાન તથા સમાધિ દ્વારા આ અદ્ભુત-શક્તિઓનો ઉદ્ભવ કરી શકયા હતા. પાતંજલયોગદર્શનમાં વિભૂતિપાદમાં સંયમ દ્વારા મળતી સિદ્ધિઓનાં વર્ણન એ કોઈ કપોળકલ્પિત બાબત નથી, પરંતુ વ્યવહારમાં ઉતારેલાં તે સર્વ સત્ય વિધાનો છે.

વિશ્વનું સૌથી મોટામાં મોટું અણું મથક પણ આટલી પ્રચંડ વિદ્યુત શક્તિ ઉત્પન્ન કરી શકતું નથી. આપણા શરીરમાં રહેલા કોષોના આંદોલનોની ગતિ આટલી પ્રચંડ શક્તિ ઉત્પન્ન કરવા સમર્થ છે. તો પ્રશ્ન એ ઉભો થાય છે કે આપણા

કોષો આટલી પ્રચંડ શક્તિ ઉત્પન્ન કરી શકવા સમર્થ છતાં વ્યવહારમાં તેવી શક્તિનો આપણને અનુભવ કેમ થતો નથી !

એક માનવી માત્ર હાડચામનો માળો જ દેખાય છે જ્યારે બીજો લડાઈના મેદાનમાં ઉતરીને સેંકડો દુશ્મનોનાં મસ્તકો ધડથી જુદાં કરે છે. એક સમર્થ યોગી કે તપસ્વીના ચરણોમાં સેંકડો રાજા મહારાજાઓ પોતાના મુગટો ઉતારતા અને પોતપોતાના રાજ્યો સમર્પિત કરી દીધાં હોય તેવા અનેક દાખલાઓ ઇતિહાસને પાને નોંધાયેલા છે. આ બાબત એ જ દર્શાવે છે કે હાડચામવાળા મનુષ્યને પોતામાં રહેલી શક્તિઓની કાં તો ખબર જ નથી અથવા ખબર છે તો તેના વિકાસ માટે તેણે કોઇ જ પ્રયત્નો કર્યા નથી. બીજામાં તે મનુષ્યે શારીરિક શકિતઓનો વિકાસ કર્યો છે એ દેખાઇ આવે છે, જ્યારે યોગી કે તપસ્વી પુરુષોએ માત્ર શારીરિક જ નહિ પરંતુ આંતરિક શક્તિઓનો પણ વિકાસ કર્યો છે અને શારીરિક સામર્થ્ય કરતાં આંતરિક સામર્થ્ય હંમેશાં અત્યંત ચઢિયાતુ હોય છે.

ઉપરની બાબતોનું તારણ એજ કે હરકોઈ માનવમાત્રમાં આવા પ્રકારનું પ્રચંડ સામર્થ્ય ઉત્પન્ન કરવાની તમામ શક્યતાઓ રહેલી છે જ. આ ઈશ્વરદત્ત છે. પરંતુ તે શકિતઓને કઇ રીતે પ્રાપ્ત કરવી તથા તેનું કેવી રીતે સંવર્ધન, સંરક્ષણ કરવું એની કળા આવડતી નથી. આપણે હાલ જે પ્રકારનું આંતર-બાહ્ય જીવન જીવીએ છીએ તેનાથી આપણને સંતોષ થાય છે ખરો ? છાતી પર હાથ રાખીને આ પ્રશ્નનો જવાબ તમે તમારી મેળે જ આપજો. આ બાહ્ય જીવનથી પણ ઉત્કૃષ્ટ એવું એક દિવ્ય જીવન છે અને આપણે સૌ જાણે અજાણ્યે આવા જ દિવ્ય જીવનને ઝંખીએ છીએ કારણ કે



આવું દિવ્ય જીવન પ્રાપ્ત થયા સિવાય આપણા જીવનની દોટ પૂરી થવાની જ નથી.

હવે આપણે જોઈએ કે ૪૦ કરોડ વોલ્ટેજ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવતા આપણા શરીરના અણુકોશો માત્ર ૪૦ વોલ્ટ જેટલી પણ શક્તિ કેમ નથી ઉત્પન્ન કરી શકતા ? અથવા શક્તિ ઉત્પન્ન થઇ શકી તો ક્યાં વેડફાઈ ગઈ ? આ બધાનો જરા વિચાર કરવો પડશે. દિવ્ય જીવન સુધી પહોંચવા માટે આવી બધી બાબતોનું પૃથક્કરણ આપણે કરવું જ રહ્યું. (અપૂર્ણ)

---

( પાના ૧૫ નું ચાલુ )

અમારી સાધનામાં બળ પૂરે છે. તહેવારના દિવસો છતાં, લૌકિક ને સાંસારિક પરંપરાને ત્યાગી તમે આ સત્સંગમાં સામેલ થવા આવ્યા એ અમારે મન મોટી વાત છે. અમે તો શું આશીર્વાદ આપીએ ? પ્રભુને કહીએ, ‘ હે પ્રભુ, અમારા સહુનું જીવન સત્કર્મ પરાયણ બને, બીજાને ઉપયોગી થાય, ને નવા વર્ષના મંગલ પર્વે કંઇક નવો નિયમ લઇ ઈશ્વરના પંથે આગળ વધવાનું બળ અમને આપજે. ”

પૂ. માના બેન સુશીલાબેને કપુરા ગામલોકો વતી ખૂબ ભાવપૂર્ણ શબ્દોમાં આગંતુક સાધકોનો આભાર માની મધુરકંઠે રાષ્ટ્રગીત સંભળાવી સરસ પૂર્ણાહુતિ કરી.

એક બેને કહ્યું: "પ્રાર્થના કરતી હતી, હવે છોડી દીધી છે." મેં પૂછ્યું: "કેમ?" તેણે જવાબ આપ્યો: "કારણ કે હું મારા અંતરને છેતરતી હતી." ઉત્તર બરાબર છે; પણ છેતરવાનું છોડે, પ્રાર્થના શા માટે છોડે?

—યોગેશ્વરજી




ઇન્ડસ્ટ્રીઅલ લાઇનીંગ

૨૫૪, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, વડોદરા-૧૦.




# ગાગરમાં સાગર

સંક્ષેપ :–શ્રી બાબુભાઈ વોરા

[તા ૨૦–૧૦–૮૫ થી ૨૮–૧૦–૮૫ સુધી અમદાવાદ પ. પૂજ્ય ડોંગરેજી મહારાજનાં રામાયણ ઉપરનાં પ્રવચનોનો અતિ સંક્ષેપ.]

## પરમાત્મા વિષે

(૧) પરમાત્માને બે સ્વરૂપ છે; એક નિર્ગુણ નિરાકાર બીજું સગુણ સાકાર.

(૨) નિરાકારનાં દર્શન બુદ્ધિદ્વારા જ્ઞાન ચક્ષુથી થાય છે; જ્યારે

(૩) સગુણ સાકારનાં દર્શન ચર્મચક્ષુથી થાય છે.

(૪) સંસારના બધા પદાર્થોમાં પરમાત્મા વ્યાપ્ત છે-જેમ લાડુમાં ખાંડ છે, પણ દેખાતી નથી. તે ત્યાં નિર્ગુણ છે.

(૫) સગુણ સાકાર મીઠાઇ છે અને નિર્ગુણ નિરાકાર મીઠાશ છે.

(૬) સંસારમાં બધા આકાર માયાથી બનેલા છે, પરંતુ કૃષ્ણ, રામ, શંકર માયાથી પર છે. ભગવાનનો જન્મ થતો નથી, પણ પ્રાગટ્ય થાય છે.

(૭) નિર્વિકાર પરમાત્મા નિષ્ક્રિય છે. કોઇ જીવને સુખ, દુઃખ, પાપ, પુણ્ય આપતા નથી. તે મનુષ્ય કરે તે જોયા કરે છે.

(૮) જીવ જ્યારે ઈશ્વરને તદ્દન ભૂલી જાય છે ત્યારે સંસારમાં જન્મ લે છે. કલિયુગમાં પરમાત્માને આવવું છે પણ કોઇ પવિત્ર કુટુંબ અત્યારે ઉપલબ્ધ નથી કે જ્યાં જન્મ લેવાનું વિચારે.

(૯) નિર્વિકારની સાધનામાં બધી ઇન્દ્રિયોના દરવાજા બંધ રાખવા પડે છે, તેમાં કોઇ દરવાજો ઉઘાડો રહી જાય તો વાસના દાખલ થઇ જાય છે, અને જ્ઞાનનો દીપક બુઝાઈ જાય છે.

(૧૦) શિવ-પાર્વતી, રામ-સીતા, (કૃષ્ણ) નારાયણ-લક્ષ્મી એક જ છે. બૌધિક દૃષ્ટિએ જુદા લાગે છે.

(૧૧) રામ જ્ઞાન છે, સીતા ભક્તિ છે, લક્ષ્મણ વૈરાગ છે. ભક્તિ વૈરાગ્ય ભેગાં થાય તો આનંદ મળે છે.

(૧૨) ભણેલો મનુષ્ય ભગવાનને માનતો નથી પણ ચમત્કાર થાય ત્યારે માને છે, ભગવાનમાં અંધશ્રદ્ધા રાખો તો વાંધો નથી. અનુભવ થાય જ છે.

(૧૩) પંચતત્ત્વનું શરીર બનેલું છે માટે આ એક એક તત્ત્વના દેવતાઓ છે–ગણપતિ, શંકર, સૂર્ય, અગ્નિ, વિષ્ણુ તમારા ઘરમાં પંચદેવતાની પૂજા કરો જેનાથી મનની શુદ્ધિ થશે.

(૧૪) સૂર્ય પ્રત્યક્ષ દેવ છે, જેનાં દર્શન થાય છે. બીજા દેવોની ભાવના કરવાથી દર્શન થાય છે.

(૧૫) રામ ધર્માવતાર, કૃષ્ણ લીલા અવતાર અને શંકર કરૂણાવતાર છે.

## સંસાર કેવો છે ?

(૧) સંસાર સંકલ્પથી થયો છે માટે સંકલ્પ મટે તો સંસાર મટે, વાસના રહિત થાય ત્યારે તેનો અંત આવે છે. દેહભાન ભૂલવા મહેનત કરો.

(૨) જેને કાળનો સ્પર્શ થયો છે ત્યાં બધું અમંગલમય છે. રામચન્દ્રનું સ્વરૂપ, ધ્યાન બધું મંગલમય છે.

(૩) સંસાર સત્ય નથી, માટે તેનું ધ્યાન છોડો કારણ કે તે માયામય છે, ક્ષણ ક્ષણમાં બદલાય છે.



(૪) સંસારની માયા, મન, તન, જીવનને અને મરણને બગાડે છે.

(૫) જગતને જોવાથી મન ચંચલ થાય છે, પણ જેણે જગત બતાવ્યું છે, તે પરમાત્મા સુન્દર છે. તે ચંચલતા મટાડે છે.

(૬) જીવને પરમાત્માનાં દર્શન થતાં નથી કારણ કે વચમાં માયાનો પડદો છે.

(૭) સંસારનું ધ્યાન કરવાથી પાપ થાય છે.

## સંસારમાં જીવે કેવી રીતે જીવવું ?

(૧) પરમાત્માની પ્રાપ્તિ માટે ત્રણ માર્ગ છેઃ–ભક્તિ, કર્મ, જ્ઞાન. કર્મયોગ બુદ્ધિની શુદ્ધિ કરે છે, ભક્તિ યોગ મન સ્થિર કરે છે, જ્ઞાન યોગમાં સાધક બધામાં ભગવાનને જુએ છે.

(૨) ભગવાનને વન્દન શરીરથી નહીં પણ હૃદયથી કરો.

(૩) પુણ્યને યાદ ન કરો, નહીંતર બળી જશે, પાપ ને યાદ કરો.

(૪) અશાન્તિનો જન્મ અપેક્ષામાંથી થાય છે.

(૫) વાસના જ જીવનમાં વિઘ્ન લાવે છે.

(૬) ભક્તિનું ફલ ભોગ નથી પણ ભગવાન મળે તે ખરૂં ફળ છે.

(૭) ઘર છોડશો નહીં. રામ જેવું આદર્શ જીવન ઘરમાં ગાળશો અને ઘરમાં બધામાં ભગવાન છે, તેવું વિચારો.

(૮) પરમાત્માના આંખથી દર્શન કરો, કાનથી મંત્ર સાંભળો, મનથી સ્મરણ કરો અને જપ કરો.

(૯) ભક્તિ રસથી મનપુષ્ટ થાય છે. ભક્તિ અતિશય વધે ત્યારે જીવ દ્રષ્ટા બને અને ભગવાન દૃશ્ય બને છે.

(૧૦) ભગવાનની એવી ભક્તિ કરો કે તમને ભગવાન છોડીને ન જાય.

(૧૧) ભક્તિની સમાપ્તિ ન કરો પણ ભોગની સમાપ્તિ કરો.

(૧૨) પૈસાથી સુખ મળે છે પણ સાથોસાથ દુઃખ વધારે મળે છે. સાધન પૈસો છે, પણ સાધ્ય તો ભગવાન છે.

(૧૩) આંખને શક્તિ મન આપે છે, મનને બુદ્ધિ આપે છે, અને બુદ્ધિને પ્રકાશ પરમાત્મા આપે છે. તે અંતર્ આત્મા છે. આંખથી ભગવાનને અંદર લઈ જાવ.

(૧૪) ઇન્દ્રિયો તમને ભગવાનને મેળવવા માટે આપી છે એટલે તેની મારફતે ભક્તિ વધારો અને સંયમ વધારો.

(૧૫) જીભ માગે તે આપશો નહીં, નહીંતર પરવશ થશો. સંયમ વધારો, આત્મા માલિક છે અને ઇન્દ્રિયો નોકર છે.

(૧૬) ભાગ્યમાં હશે તો નાણા મળશે, પણ આ બાબતમાં કોઈ દિવસ ઝઘડો કરશો નહીં.

(૧૭) માનવ તમારા કામની કદર નહીં કરે, પણ પરમાત્મા તો ચોક્કસ કરશે જ.

(૧૮) બહારનું ખાવાનું છોડો અને રસોડું પવિત્ર રાખો અને બાહ્યચાર ધર્મ બરોબર પાળો.

(૧૯) બ્રાહ્ય મુહૂર્તમાં કાયમ ઉઠવાનું રાખો અને દિવસમાં ચાર પાંચ કલાક એક ઠેકાણે બેસી ધ્યાન, જપ, કરો. માનસ પૂજા કરો. યાત્રા, દાન, મંદિર પૂજા વગેરે સારૂં છે પણ તેનાથી ભગવાન પ્રાપ્ત ન થાય. એટલે એકાંતમાં બેસી ધ્યાન કરો.

(૨૦) તમારા મનને તમે જોઈ શકો છો, બીજા કોઈ જોઈ શકતા નથી. માટે મનને ભગવાનમાં જોડો.

(૨૧) મનથી પણ પાપ થાય છે તે બંધ કરાવવા માટે ભગવાનને પ્રાર્થના કરો.

(૨૨) જાગૃત અવસ્થામાં આંખ મનમાં રહે છે અને જ્યાં મન જાય ત્યાં જાય છે. ધ્યાનમાં પરમાત્માની મૂર્તિને રાખો.



(૨૩) આચાર શુદ્ધિ વગર વિચાર શુદ્ધિ થતી નથી અને ત્યાં સુધી ભગવાનમાં મન લાગતું નથી. જે ધર્મની મર્યાદામાં રહે છે, તેનું મન સુધરે છે.

(૨૪) જીવ સ્વાર્થ હોય ત્યાં સુધી બાંધે છે પછી છોડી દે છે.

(૨૫) ઉઘાડી આંખે મન સ્થિર રાખવું જોઈએ. ભક્તિનો આનંદ કોઇ દિવસ પ્રગટ કરવો નહીં.

(૨૬) આત્મ જ્ઞાન થવું અઘરૂં નથી, પણ આત્મનિષ્ઠ થવું અઘરૂં છે.

(૨૭) મોક્ષ માટે પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનો, સ્વરૂપાનુસંધાન, સંયમ, અને સત્સંગ.

(૨૮) પરમાત્મા પ્રસન્ન થાય તેવું કામ કરો. મન શાન્ત થાય તો સમજવું કે પરમાત્મા પ્રસન્ન થયા છે.

(૨૯) સત્કર્મનું ફળ છે પરમાત્માની પ્રાપ્તિ. મન શુદ્ધ થાય એટલે દર્શન થાય છે. કોઇ સાથે ઝઘડો કરો નહીં. શત્રુ કોઈ નથી તેમ માનો.

(૩૦) જે પ્રેમથી પરમાત્માનાં દર્શન કરે છે, તેનો સ્વભાવ સુધરે છે અને ભગવાનના સદ્ગુણ આવે છે.

(૩૧) દુઃખમાં ધર્મ છોડશો નહીં. પાંડવોએ ધર્મ છોડયો નહીં એટલે કૃષ્ણ દ્વારકા છોડી સાથે રહ્યા.

(૩૨) ઈશ્વર સંસારમાં આવે છે અને લીલા કરી સુખ દુઃખ ભોગવે છે. જીવ સંસારમાં સુખદુઃખ લઈ આવે છે. અને ભોગવે છે.

(૩૩) કુસંગથી દૂર રહો, નહીંતર મન બગડશે.

(૩૪) સુખ મળે તો પણ ભક્તિ કરો અને દુઃખમાં પણ. સુખ મળે તો બહુ રાજી થશો નહીં દુઃખ મળે તો પણ ગાફેલ રહેશો નહીં. પાપ બાળવા માટે આવ્યાં છે તેમ

મનને કહો. સુખ આવે તો ગાફેલ રહેશો નહીં. આ બન્નેથી પર રહો.

(૩૫) કોઇનો ઉપકાર ભૂલશો નહીં અને દુઃખ સહન કરી ગરીબોની સેવા કરો.

(૩૬) દીવામાં ઘી હોય ત્યાં સુધી બળે છે પછી શાન્ત થઇ જાય છે, તેવી રીતે મનમાંથી સંસાર નીકળી જાય તો મન શાન્ત થઇ જાય છે.

(૩૭) નિદ્રા ને સમાધિમાં સામ્ય છે, નિદ્રામાં શાન્તિ છે, સમાધિમાં આનંદ અને શાન્તિ બન્ને છે.

(૩૮) ભોજનમાં તમે સુખ માનો છો, પણ તાવ અને કેન્સરવાળાને તેની સામેય જોવાનું મન થતું નથી.

(૩૯) આપણે માનીએ છીએ કે મારી ઇચ્છા પ્રમાણે બધું થવું જોઇએ, પણ તેવું થતું નથી, ભગવાનની ઇચ્છા પ્રમાણે થાય છે.

(૪૦) વૃથા ચિંતન કરે, વધારે બોલે, તે શોચનીય છે. કામવગર ચિંતન ન કરો અને બોલો પણ નહીં.

(૪૧) ભગવાનની બહુ જ ભક્તિ કરે તે સુખી થાય છે અને ભૂખ તરસ પણ લાગતી નથી.

(૪૨) કોઇ પણ જીવ પાપ અને પુણ્ય લઇને આવે છે. પુણ્ય એકલું લઇ કોઇ આવતું નથી, પાપ કરતાં ઘણો આનંદ આવે છે, પરંતુ ફળ આવે ત્યારે રડવું આવે છે.

(૪૩) ગીતાના પાઠ કરવાથી બહુ ફાયદો થાય છે પણ ઉપદેશને આચરણમાં મૂકવું તે અગત્યનું છે.

(૪૪) સાદુ ભોજન કરો, પ્રવૃત્તિ ધીમે ધીમે છોડો, ઘરમાં બેસી શાન્તિથી મંત્ર જપ કરો, ભક્તિ વધારો, નાણાં વધારો નહીં અને સમજીને બધું છોડો.

(૪૫) જીભ જેની બગડેલી છે તે પાપી છે. બોલવાનું ખાવાનું, જમવાનું, સાદુ ભોજન વગેરે ભક્તિથી સુધરે છે.



(૪૬) વાસના આંખમાંથી આવે છે, પછી મનમાં જાય છે, ને છેવટે નાશ કરે છે.

(૪૭) અતિ પાપીને આંખે જોશો નહીં, નહિતર પાપ વધશે. અંદરની આંખથી દર્શન કરો.

(૪૮) મરણ વખતે મમતા રાખશો તો મરણ બગડશે, અને ભગવાનમાં મમતા રાખશો તો સુધરશે.

(૪૯) પરમાત્મા એવા છે કે નિઃસ્વાર્થ પ્રેમ કરે છે.

(૫૦) અતિ સંપત્તિથી અહંકાર વધે છે અને દરિદ્રતામાં હીનતા આવે છે.

(૫૧) ભગવાને પોતાનું સ્વરૂપ છુપાવ્યું છે, પણ નામ પ્રગટ રાખ્યું છે. તમારા મનને રામનામમાં રાખો.

(૫૨) ગમે તેવું દુઃખ આવે તો ગભરાશો નહિ, પરંતુ તુરત જ રામ નામનો આશરો લેજો.

(૫૩) કામ, ક્રોધ, લોભ માયાનાં સ્વરૂપ છે, જગત ભગવાન વગર જીવી શકે નહીં.

(૫૪) તત્ત્વ દૃષ્ટિથી વિચારતાં જ્ઞાન અને ભક્તિ એકજ છે. ભગવાનનું દર્શન થતાં જગતની માયામાં ફસાયેલાઓને મુક્તિ મળી જાય છે.

વૃદ્ધ, બાળક, યુવાન, ધનિક, ગરીબ સૌને મરતા જોઈએ છીએ તો પણ આપણે સંતોષથી બેસવા માંગતા નથી. પણ થોડા દિવસ જીવવા માટે રામ સિવાયના બધા પ્રયત્નો કરીએ છીએ.

—યોગેશ્વરજી


## મેસર્સ કેમીકયુપ ઇન્ડસ્ટ્રીઝ

૪૫૧/૨, જી. આઈ. ડી. સી. એસ્ટેટ
મકરપુરા રોડ, **વડોદરા–૧૦.**




# રામકથા

—યોગેશ્વરજી

[ યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ આ રામકથા ]

## રામની તૈયારી

કૈકેયના કઠોર વચન રાજા દશરથના હૃદયમાં તીખા તીરની પેઠે પેસી ગયા.

એ સાંભળીને દશરથનું રોમરોમ રડી ઉઠ્યું. એમનું શરીર ધ્રૂજવા માંડ્યું, મસ્તક કંપવા લાગ્યું, અને એમની આંખે અંધારા આવવા લાગ્યાં. પોતાની જાતને જેમ તેમ કરીને કાબુમાં રાખવાનો પ્રયાસ કરતા એ બોલ્યા : 'કૈકેય, તને આવી બુદ્ધિ કોણે સુઝાડી ? આવા અમંગલ વરદાન માંગવાની વાત કોણે શીખવાડી ? તું આટલી બધી કઠોર હોઇશ તેની મને ખબર નહીં. હું તો તને અતિશય કોમળ હૃદયની માનતો હતો.'

કૈકેયી છંછેડાઇને બોલી ઉઠી : 'હું ભલે કોમળ હૃદયની ના હોઉં કઠોર લાગું, મારે હવે કઠોર જ થવું છે. અત્યાર સુધી કોમળ રહી માટે જ તમે મારી સાથે આવો ભેદભાવ ભરેલો અન્યાય યુક્ત વ્યવહાર કરવા તૈયાર થયા. મને વરદાન માંગવાની વાત બીજું કોણ શીખવે તેમ છે ? હું કયાં નાની અને સમજ વગરની છું કે કોઇ મને શીખવવા આવે ? મને બીજુ કોણ બુદ્ધિ સુઝાડે તેવું છે ? મારી લાગણી તમને અમંગલ લાગી એજ બતાવે છે કે તમારી વૃત્તિ પક્ષપાતથી ભરેલી છે. તમે રામનો રાજ્યાભિષેક કરીને મને અને ભરતને લાચારી ભરી સ્થિતિમાં મૂકવાનો વિચાર કર્યો તેમાં કશું અમંગલ ના લાગ્યું, અને હવે ભરતના રાજ્યાભિષેક તથા રામના વનવાસની મેં માગણી કરી તે સાંભળીને તમને માઠું લાગ્યું ? મે કાંઇ નવું નથી કર્યું. પરંતુ મારા બાકી

રહેલા વરદાનો જ માગ્યાં છે તેમાં તમારે આટલું બધું દુઃખી થવાનું કારણ જ નથી. તમારી અંદર આપેલા વચનને પાળવાની શક્તિ ના હોય તો સાફ સાફ કહી દો, જેથી તમારી વચન પ્રિયતાની મને ખબર પડે. તમારા મનમાં આવું કપટ તો પછી 'તું જે જે કાંઇ માગીશ તે બધું જ હું કોઇપણ પ્રકારના સંકોચ વિના આપીશ' એવું વારંવાર કહેતા પહેલાં વિચાર કરવો જોઈતો'તો. જેટલી તાકાત હોય એટલો જ ઠેકડો મારીએ. તાકાત બહારનો કૂદકો મારવા જઇએ તો નીચે પડીએ ને દુઃખી થઇએ તે ખબર છે?

દશરથ ગૂંગળામણ અનુભવતા કહેવા માંડયા : 'તારા વચનો મને વિષથી ભરેલાં અને ભારે મર્મ વિદારક લાગે છે. મેં તને વરદાન આપવાનું કહેલું એ સાચું, પરંતુ તે વિવેક બુદ્ધિનો ત્યાગ કરીને જે વરદાન માગ્યાં છે તે તદ્દન અનુચિત અને અન્યાય કારક છે. તારી માગણી પ્રમાણે ભરતનો રાજ્યાભિષેક કરવાની તૈયારી તો મારાથી દાખવી શકાય તેમ છે; પરંતુ રામને વનવાસ આપવા માટેનું તારું બીજું વરદાન મને ભારે વિઘાતક લાગે છે. રામે તારો શો અપરાધ કર્યો છે કે તું એમને આવો ઘોર દંડ દેવા બેઠી છે? એ તો તારા પર કૌશલ્યા જેવો જ—બલકે એથી પણ વધારે પ્રેમ રાખે છે. છતાંપણ તું એમને વનમાં મોકલવા તૈયાર થઇ છે એ વિચિત્ર છે.'

'હું પહેલેથી જાણતી જ હતી કે જ્યારે સાચેસાચ વરદાન માગવાનો વખત આવશે ત્યારે રામ પ્રત્યેના વધારે પડતા મોહને લીધે તમે આનાકાની કરશો અને ફરી બેસશો. આખરે એવું જ થઈ રહ્યું છે. મારી સાથે દલીલો કરવાથી કાંઇ જ નહીં વળે. મારો નિશ્ચય દૃઢ છે. મેં જે માંગ્યું છે તેમાં કશો જ ફેર પડે તેમ નથી. તમે મને માગવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપેલી, અને એ સ્વતંત્રતાનો માત્ર સદુપયોગ જ કર્યો છે.'

(ક્રમશઃ)

## નવા આજીવન સભ્યો

પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની કૃપાથી અધ્યાત્મના નવા આજીવન સભ્યો નોંધાતા જાય છે. નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ—

| | રૂા. |
|---|---|
| ૮૩૧ શ્રી કુમુદચંદ્ર એ. ત્રિવેદી, અમદાવાદ, | ૨૫૧ |
| ૮૩૨ શ્રી મંજુલાબેન છબીલદાસ પટેલ, અમદાવાદ | ૨૫૧ |
| ૮૩૩ શ્રી બકુલ વિશ્વનાથ દવે, મુંબઇ, | ૨૫૧ |
| ૮૩૪ ગ્રંથપાલ શ્રી, લેંગ લાયબ્રેરી, રાજકોટ, (એક સાધક તરફથી) | ૨૫૧ |
| ૮૩૫ શ્રી ઇશ્વરભાઈ મગનભાઈ કેડિયા, વડોદરા | ૨૫૧ |
| ૮૩૬ શ્રી સાર્વજનિક લાયબ્રેરી, ખાંભા. (શ્રી વિનોદભાઇ ટી. મસરાણી, વલસાડ) તરફથી | ૨૫૧ |
| ૮૩૭ શ્રી ભાઇલાલભાઈ છાટબાર, ભાવનગર, | ૨૫૧ |
| ૮૩૮ શ્રી કિરણબેન ચંદુલાલ જોષી, અમદાવાદ | ૨૫૧ |
| ૮૩૯ ગુજરાત ટ્રેકટર્સ કોરપોરેશન, વડોદરા, | ૨૫૧ |
| ૮૪૦ શ્રી પ્રિયકાન્ત ઉમિયાશંકર રાવલ, રાજકોટ | ૨૫૧ |
| ૮૪૧ શ્રી પ્રવીણચંદ્ર ધરમદાસ શાહ, સુરત. | ૨૫૧ |
| ૮૪૨ શ્રી નીલાબેન અનિલકુમાર, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૪૩ શ્રી દિલીપકુમાર રતિલાલ શાહ, મુંબઈ. | ૨૫૧ |
| ૮૪૪ શ્રી દામોદરભાઈ કે. અકરૂવાલા, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૪૫ શ્રી ભીખુભાઇ એમ. પટેલ, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૪૬ શ્રી દશરથભાઇ નરોત્તમભાઇ પટેલ, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૪૭ શ્રી વાસુદેવભાઈ મણિશંકર દવે, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૪૮ શ્રી સાર્વજનિક પુસ્તકાલય, સરઇ | ૨૫૧ |

# * સિદ્ધિઓ *

ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળની માહિતી મળે;
ઇપ્સિત વસ્તુ આપમેળે આવી મળે;
સંકલ્પ માત્રથી દર્દ દૂરથાય;
પક્ષીની ભાષા સમજી શકાય;
પૃથ્વીથી ઉપર ઊઠીને અવકાશમાં વિહરી શકાય;
એકના અનેક થવાય અથવા અદૃશ્ય બનાય;
પવનપાણીનું પ્રાશન કરીને દીર્ઘાયુ થવાય.
એ બધી સિદ્ધિઓને બદલે
જે છે તે જ જાણીને જીવી શકાય;
ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ–અપ્રાપ્તિમાં
મનની સ્વસ્થતાને સાચવી શકાય;
સંકલ્પ–માત્રથી રોગ દૂર થાય કે ના થાય પરંતુ
નીરોગી રહેવાય,
પક્ષીની ભાષા ભલે ના સમજાય પરંતુ માનવીની–
પોતાના મનની સમજી શકાય;
અવકાશમાં ઉપર ના ઊઠાય તોપણ આ પાર્થિવ
પૃથ્વીપર પ્રામાણિકપણે પગ મૂકાય, પગલાં ભરાય
બહુવિધ બની શકાય;
આહારનો આધાર ઉચિત માત્રામાં લેવાય,
જેટલું પણ જીવન હોય એટલું જીવી શકાય,
એટલી જ સિદ્ધિઓ સાંપડે
તોપણ પૂરતું છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧